RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 253* Date: 10.07.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કાનપુર અથડામણ કેસઃ ચર્ચાતો સવાલ વિકાસ દુબેની ધરપકડ કે પ્રિ-પ્લાન્ગિં આત્મસમર્પણ..!?

# આઠ પોલીસકર્મીઓનો હત્યારો વિકાસ દુબે ઉજ્જૈનથી ઝડપાયો



*ઉજ્જૈન,તા.૯*

એક હાઈ પ્રોફાઈલ ડ્રામામાં યુપીનો પાંચ લાખનો ઈનામી અને ૮ પોલીસની કારમી હત્યા કરનાર ગેંગસ્ટર વિકાસ દુબે આજે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં જાણીતા યાત્રાધામ મહાકાલ મંદિરમાંથી ઝડપાઈ ગયો હતો. જો કે તે જાતે હાજર થયો કે પોલીસે તેની ધરપકડ કરી તે હજુ નક્કી થઈ શક્યું નથી. પણ એવા અહેવાલ છે કે તેણે મહાકાલ મંદિરમાં પોતાના હાજરી અંગેની જાણ અગાઉથી સ્થાનિક મિડિયાને કરી હતી. અને મંદિરમાં તેણે સિક્યુરીટીને જાતે પોતાની ઓળખાણ આપી કે પોતે વિકાસ દુબે કાનપુરવાલા છે અને તરત જ મંદિર સત્તાવાળાઓ દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરાતાં ગણતરીની મિનિટોમાં આવી પહોંચેલી પોલીસે દુબેને ઝબ્બે કરી લીધો હતો. વિકાસ દુબે ૨૫૦ રૂપિયાની પહોંચ લઈને મંદિરમાં દાખલ થયો હતો. પોલીસ દ્વારા તેને પકડી રાખવામાં આવ્યો તે વખતે પણ તેણે મિડિયા કર્મીઓની સામે જોઈને જોરથી બુમ પાડી હતી કે મૈં વિકાસ દુબે હું, કાનપુરવાલા..આમ તેણે પોતાની ઓળખ જાતે છતી કરીને સૌને જાણ કરી કે પોતે કોણ છે. સામાન્ય સંજોગોમાં ગુનેગાર પોતાની ઓળખ છુપાવવાનો પ્રયાસ કરતાં હોય છે. પરંતુ યુપીના કાનપુરમાં ૮ પોલીસની નિર્દયથી હત્યા કરનાર હાઈપ્રોફાઈલ ગુનેગારે સામે ચાલીને પોતાની હાજરી અને ઓળખ કેમ છતી કરી તેને એક રહસ્ય માનવામાં આવી રહ્યું છે. કાનપુરથી અંદાજે ૬૭૭ કિ.મી. દૂર ઉજ્જૈનના મહાકાલ મંદિરમાંથી આ ભાગેડુ ખૂંખાર ગુનેગાર હત્યાકાંડના ૭મા દિવસે આજે સવારે જાણે કે પૂરી ગોઠવણ અને આત્મસમર્પણની તૈયારી સાથે હાજર થયો હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. જો કે પોલીસે એવો દાવો કર્યો કે તેની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ વખતે તેના ચહેરા પર ૮ પોલીસ પર એકે૪૭ જેવા પ્રતિબંધિત હથિયારથી ગોળીઓ વરસાવીને અને એક પોલીસ અધિકારીનું ગળુ કાપીને મારી નાંખવાનો કોઈ અફસોસ જણાતો નહોતો. હત્યાકાંડ બાદ પોલીસે તેના બે સાથીઓને એન્કાઉન્ટરમાં ઠાર માર્યા છે. દુબેની પત્ની કાનુરમાં જિલ્લા પરિષદમાં સભ્ય છે.

કહેવામાં આવી રહ્યું છે કે વિકાસ દુબે જે ગાડી દ્વારા ઉજ્જૈન પહોંચ્યો હતો તે ગાડી લખનૌનાં ઈન્દિરા નગરમાં રહેનારા મનોજ યાદવનાં નામથી નોંધાયલી છે. વિકાસ દુબે અને ગાડીનું કનેક્શન પોલીસ ખંગાળી રહી છે. જ્યારે વિકાસ દુબે પકડાઈ ગયો ત્યારે તેની પાસે એક બેગ હતી. સૂત્રોનાં



જણાવ્યા પ્રમાણે બેગમાં કેટલાક કપડા, એક મોબાઈલ, તેનું ચાર્જર અને કેટલાક કાગળ છે. આ મોબાઈલ વિકાસનો જ હતો. આ મોબાઈલથી વિકાસ દુબેએ અનેક લોકોનો સંપર્ક સાધ્યો હતો. સંપર્ક કર્યા બાદ વિકાસ ફોન ઑફ કરી લેતો હતો અને પછી પોતાની જગ્યા બદલી લેતો હતો.

કાનપુરના બિકરુમાં ચૌબેપુર પોલીસ સ્ટેશનની હદમાં રહેતા ગેંગસ્ટર અને રાજકિય સંબંધો ધરાવનાર વિકાસ દુબેને પકડવા માટે ૨ જુલાઈની રાત્રિએ પોલીસે દરોડો પાડ્યો ત્યારે દરોડાની અગાઉથી જાણ થતાં ગેંગસ્ટર અને તેના સાથી બદમાશોએ પૂરી તૈયારી સાથે પોલીસ પર ચારેબાજુથી ગોળીબારો શરૂ કરતાં પોલીસ ડઘાઈ ગઈ હતી અને પોલીસ વળતી કાર્યવાહી કરે તે પહેલા ૮ પોલીસના ઢીમ ઢાળીને ગેંગસ્ટર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

કાનપુર શૂટઆઉટના મુખ્ય હાઈપ્રોફાઈલ આરોપી વિકાસ દુબેને પકડવા યુપી સરકારે ઈનામની રકમ છેલ્લે વધારીને ૫ લાખ કરી હતી અને તેને પકડવા પોલીસની ૨૫ ટીમ બનાવી હતી. છેવટે આજે ગુરુવારે સવારે ઉજ્જૈનમાંથી તેની નાટ્યાત્મક રીતે ધરપકડ કરવામાં આવી હતી.

એમ કહેવાઈ રહ્યું છે કે તે મહાકાલ મંદિરમાં દર્શન માટે ગયો હતો. તેણે એન્ટ્રી પાસમાં પણ જાણીજોઈને પોતાનું સાચુ નામ વિકાસ દુબે કાનપુરવાલે લખાવ્યું હતું. અને મંદિર સંકૂલમાં એક સિક્યુરીટીમેનને પોતાના સાચી ઓળખાણ આપીને જાણે કે તે પોલીસને બોલાવે એવો ઈરાદો જાહેર કર્યો હતો. એમ કહેવાઈ રહ્યું છે કે મહાકાલ મંદિરની સિક્યુરિટી ટીમે તેને શંકાસ્પદ જાણીને પકડી લીધો હતો. પછી આ અંગે મહાકાલ પોલીસને જાણ કરવામાં આવી હતી. જોકે બીજી તરફ એમ પણ કહેવાઈ રહ્યું છે કે વિકાસ મહાકાલ મંદિર પરિસરમાં પહોંચ્યો અને બૂમો પાડવા લાગ્યો કે હું વિકાસ દુબે છું, પછીથી સુરક્ષા કર્મચારીઓએ તેને પકડી લીધો અને પોલીસને માહિતી આપી હતી.

મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું કે ગેંગસ્ટર વિકાસ દુબે મધ્યપ્રદેશ પોલીસની કસ્ટડીમાં છે. અને તેની ધરપકડ અંગે હાલમાં તેના વિશે કઈ પણ કહેવું યોગ્ય નથી. વિકાસ હાજર થયો કે પોલીસે પકડ્યો તેની કોઈ ચોખવટ તેમણે કરી નહોતી. અને વિકાસ દુબે પોલીસ કસ્ટડીમાં છે, એમ તેના ઉપર ભાર મૂક્યો હતો. મધ્યપ્રદેશ પોલીસે ત્યારબાદ યુપી પોલીસને જાણ કરી હતી. કાયદાકિય પ્રક્રિયા બાદ તેને યુપી પોલીસના હવાલે કરવામાં આવશે. યુપીના રાજકારણમાં તે અનેક નેતાઓ સાથે ઘરોબો ધરાવતો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

### દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૭.૬૭ લાખને પાર,મૃત્યુઆંક ૨૧ને વટાવી ગયો

# કોરોના મહાસંકટઃ ૨૪ કલાકમાં ૨૫ હજારથી વધુ કેસ, ૪૮૭ના મોત

**મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨.૨૩ લાખે પહોંચી, બીજા નંબર પર રહેલા તમિલનાડુમાં ૧.૨૨ લાખથી વધુ કેસ**

*ન્યુ દિલ્હી,તા.૯*

સમગ્ર દેશમાં કોરોના લોકડાઉન અનલોક-૨ના ૮મા દિવસે એટલે કે ગઈકાલે બુધવારે રેકોર્ડબ્રેક સમાન સૌથી વધારે ૨૫,૫૫૯ જેટલા કેસ સામે આવતાં સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને આટલા બધા કેસો કોઈ કોમ્યુનિટી સંક્રમણનો ખતરનાક તબક્કો તો નથી ને,. એવા સવાલો પણ થઈ રહ્યાં હતા. આજે ગુરૂવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાક દરમ્યાનના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. ૨૫ હજાર કરતાં વધારે કેસોની સાથે વધુ ૪૮૭ના મોત થયા હતા.તો બીજી તરફ દિલ્હીમાં રિકવરી રેટ ૭૪.૫૭%થી વધુ થઈ ગયો છે. દિલ્હી રાજ્યમાં કોરોનાના ૧ લાખ ૪ હજાર ૮૬૪ કેસ છે. જેમાંથી ૭૮ હજાર ૧૯૯ દર્દી સાજા થઈ ગયા છે.

ગઈકાલના ૨૫ હજાર કરતાં વધુ કેસ સાથે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૭ લાખ ૬૯ હજાર પર થઈ ગઈ છે. જો આ જ રીતે કેસો વધતા રહેશો તો બે જ દિવસમાં કેસોની સંખ્યા ૮ લાખ પર પહોંચી જશે. કુલ કેસોમાંથી ૨,૬૯,૭૮૯ એક્ટિવ કેસ એટલે કે સારવાર હેઠળના છે. તો બીજી તરફ અત્યાર સુધી ૪,૭૬,૩૭૮ દર્દીઓ સાજા થઈ ગયા છે.જે સારવાર હેઠળના એક્ટીવ કેસ કરતાં લગભગ ડબલ છે.

જયારે, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના આંકડા મુજબ, અત્યાર સુધી દેશમાં કોરોના વાયરસને કારણે ૨૧,૧૨૯ લોકોના મોત થઈ ગયા છે. આઈસીએમઆર-સંસ્થએ જણાવ્યું છે કે, ૮ જુલાઈ સુધી કોરોના વાયરસ માટે કુલ ૧,૦૭,૪૦,૮૩૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨,૬૭,૦૬૧ સેમ્પલના ટેસ્ટિંગ ગઈ કાલે બુધવારે કરવામાં આવ્યા હતા. રાજધાની દિલ્હીમાં ૨૦૩૩ના કેસની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા ૧ લાખ ૪ હજાર ૮૬૪ થઈ ગઈ છે. જેમાંથી ૭૮ હજાર ૧૯૯ લોકો સાજા થઈ ગયા છે. હાલ ૨૩ હજાર ૪૫૨ એક્ટિ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૮ લોકોના મોત થઈ ગયા છે જેને કારણે હવે મૃત્યુઆંક ૩,૨૧૩ થઈ ગયો છે.

દરમ્યાન, દિલ્હીના કોમનવેલ્થ ગેમ્સ વિલેજમાં બનાવાયેલા કોવિડ કેર સેન્ટરમાં કોરોના દર્દીઓની સારવાર શરૂ કરાઈ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજ્યપાલ અનિલ બૈજલે બુધવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા CWG ગામમાં બનાવાયેલા કોવિડ સેન્ટરને લોન્ચ કર્યું હતું.

તો આ તરફ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે ગુરુવાર સાંજે ૫ વાગ્યાથી રાજયના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉન લાગુ થઈ જશે. જો કે આ માત્ર ૭ દિવસ માટે જ રહેશે. જો જરૂર જણાશે તો તેને વધારવામાં આવશે. મધ્યપ્રદેશમાં વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં રાખતા ગૃહમંત્રી તથા સ્વાસ્થ્ય મંત્રી નરોત્તમ મિશ્રાએ બુધવારે જણાવ્યું કે, હવે રવિવારે આખા મધ્યપ્રદેશમાં ટોટલ લોકડાઉન રહેશે. અન્ય રાજયમાંથી આવી રહેલા લોકોથી રાજ્યની પરિસ્થિતિ બદલાઈ રહી છે. રાજયમાં આવનારા લોકોની બોર્ડર પર તપાસ કરાશે.

### વિકાસ દુબેની ધરપકડ કે ફિક્સ સરેન્ડર?: અખિલેશ યાદવ

# વિકાસ દુબેની ધરપકડ પર પ્રિયંકા ગાંધીએ સીબીઆઈ તપાસની માંગ કરી

*)લખનૌ,તા.૯*

કાનપુર શૂટઆઉટનાં મુખ્ય આરોપી ગેંગસ્ટર વિકાસ દુબેની ધરપકડની સાથે જ અનેક પ્રશ્નો પણ ઉઠી રહ્યા છે. એક તરફ પોલીસ આને ધરપકડ ગણાવી રહી છે, તો વિરોધ પક્ષ આને ફિક્સ સરેન્ડર ગણાવી રહ્યું છે. કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી અને સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે પણ વિકાસ દુબેની ધરપકડ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કર્યું છે કે, 'એલર્ટ છતા આરોપીનું ઉજ્જૈન સુધી પહોંચવું ના ફક્ત સુરક્ષાનાં દાવાઓની પોલ ખોલે છે, પરંતુ મિલિભગત તરફ પણ ઈશારો કરે છે. ત્રણ મહિના જુના પત્ર પર નો એકશન અને કુખ્યાત અપરાધીઓની યાદીમાં વિકાસનું નામ ન હોવું જણાવે છે કે આ કેસનાં તાર બહું લાંબા છે.'

પ્રિયંકાએ આગળ લખ્યું છે કે, 'યૂપી સરકારે આ કેસની સીબીઆઈ તપાસ કરાવીને તમામ તથ્યો અને પ્રોટેકશનનાં મુદ્દાઓને જગજાહેર કરવા જોઈએ.' તો એસપી અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે, "સમાચાર આવી રહ્યા છે કે કાનપુર કાંડનો મુખ્ય અપરાધી પોલીસની કસ્ટડીમાં છે. જો આ સત્ય છે તો સરકાર સ્પષ્ટ કરે કે આ આત્મસમર્પણ છે કે ધરપકડ. સાથે જ તેના મોબાઈલની સીડીઆર સાર્વજનિક કરે જેનાથી સાચી મિલિભગતનો ભાંડો ફૂટી શકે.'

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૮૬૧**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૯૨૮૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૬૫**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૨૯**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૭૪૨**

### વડાપ્રધાને પોતાના સંસદીય વિસ્તારના એનજીઓ સાથે સંવાદ કર્યો

# પૈસા લીધા વિના ભારત અમેરિકા કરતા બેગણી આબાદીનુ ભરણ-પોષણ કરી રહ્યુ છેઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૯*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેમના સંસદીય મત વિસ્તાર વારાણસીમાં લોકડાઉન દરમિયાન લોકોની મદદ કરનારા એનજીઓના પ્રતિનિધિઓ સાથે વાત કરી હતી. જેમાં તેમણે કહ્યું, લોકા હાલ બાબા વિશ્વનાથના દર્શન કરી શકતા નથી પરંતુ આ અભૂતપૂર્વ સંકટના સમયમાં આપણી કાશીએ સંકટનો મુકાબલો કર્યો તે વાત પણ સાચી છે. જે શહેર વિશ્વમાં જીવનતાનો સંદેશ આપતું હોય તેની સામે કોરોના શું ચીજ છે. જે કોરોનાના કારણે ચાની દુકાનો સુમસામ થઈ ગઈ હતી ત્યાં હવે ડિજિટલ અડ્ડા શરૂ થઈ ગયા છે. અહીંયાની સંગીત પરંપરાને ગિરિજા દેવીજી, બિસ્મિલ્લા ખાં જેવા મહાન સાધકોએ સમૃદ્ધ કરી, તેને આજના નવા કલાકારો આગળ વધારી રહ્યા છે.આપણા દેશમાં સેવાભાવ નવી વાત નથી. તે આપણા સંસ્કારોમાં છે. આ વખતનું સેવાકાર્ય સામાન્ય નથી. અહીંયા માત્ર ગરીબોને જમવાનું જ આપવાનું નહોતું પરંતુ કોરોના જેવી બીમારીનો ખતરો પણ હતો. સેવાની સાથે ત્યાગ અને બલિદાનનો ભાવ પણ હતો. જે લોકોએ આ દરમિયાન કામ કર્યુ છે તે સામાન્ય નથી. લોકોમાં એક ડર હતો તેમ છતાં સ્વેચ્છાથી લોકો આગળ આવ્યા. હું દરેક સાથે વાત નથી કરી શક્યો પરંતુ તમામના કામને નમન કરું છું. હું માત્ર જાણકારી નહીં, પ્રેરણા લઈ રહ્યો છું.કોરોનાના આ સંકટકાળમાં વિશ્વભરમાં રીત રિવાજોમાં પરિવર્તન આવ્યું છે. જે પ્રકારે તમે સવા કરી તેનો મોટો પ્રભાવ પડ્યો છે. આટલા ઓછા સમયમાં ફૂડ હેલ્લપાઈન અને કમ્યૂનિટી કિચનનું નેટવર્ક તૈયાર કરવું, હેલ્પલાઈન વિકસિત કરવી, ડેટા સાયન્સની મદદ લેવી, વારાણસી સ્માર્ટ સિટીના કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરનો ભરપૂર ઉપયોગ કરવો એમ દરેક સ્તર પર તમામે ગરીબોની મદદ માટે પૂરી ક્ષમતાથી કામ કર્યું.

આજથી ૧૦૦ વર્ષ પહેલા આવી જ એક ભયાનક મહામારી આવી હતી. તે સમયે આટલી વસતી પણ નહોતી તેમ છતાં વિશ્વના જે દેશોમાં સૌથી વધારે લોકો મર્યા હતા તેમાં ભારત પણ હતું. આ વખતે જયારે મહામારી આવી ત્યારે તમામ લોક ભારતને લઈ ડરેલા હતા. તેમાં પણ ૨૩-૨૪ કરોડની વસતીવાળા ઉત્તર પ્રદેશને લઈ આશંકા વધારે હતી. પરંતુ તમારા સહયોગ, ઉત્તરપ્રદેશના લોકોના પરિશ્રમ, પરાક્રમે તમામ આશંકાને ખોટી પાડી.

# ભારતીય સેનાએ ફેસબુક સહિત ૮૯ એપ્સ પર મૂક્યો પ્રતિબંધ

*ન્યુ દિલ્હી,તા.૯*

ભારતીય સેનાએ પોતાના તમામ જવાનો માટે મોટા ભાગની મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. કુલ ૮૯ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ લગાવી દીધો છે. જેમાં ફેસબુક,ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ જેવી એપ્લિકેશન્સનો સમાવેશ થાય છે. જે ૮૯ મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તે માટે જવાનોને ૧૫ જુલાઈ સુધીમાં તમામ એપ્લિકેશન્સને પોતાના ફોનમાંથી ડિલિટ કરી દેવા માટેની સૂચના આપી દેવામાં આવી છે.

ફેસબુક,ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ ઉપરાંત સ્નેપચેટ, સોન્ગ્સ્.પીકે, વીચેટ, હાઈક, ટિકટોક, લાઈકી, શેરઈટ, ટ્રુ કોલર, પબજી, ટિન્ડર જેવી એપ્લિકેશન્સ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. કેન્દ્ર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે તે તમામ એપ્લિકેશન્સનો સમાવેશ પણ આ ૮૯ મોબાઈલ એપ્લિકેશનમાં થાય છે. નોંધનીય છે કે ભારત સરકારે ગયા અઠવાડિયે જ ચીનની ૫૯ મોબાઈલ એપ્લિકેશન્સ પર પ્રતિબંધ લગાવી દીધો હતો, જેમાં લોકપ્રિય એપ્સ ટિકટોક અને યૂસી બ્રાઉઝ જેવી એપ્લિકેશન્સનો સમાવેશ થાય છે. સરકારે કહ્યું હતું કે આ એપ્લિકેશન્સ દેશની સંપ્રભુતા, અખંડતા અને રાષ્ટ્રિય સુરક્ષા માટે નુકશાનકારક છે. એપ્લિકેશન્સ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લદ્દાખ વિસ્તારમાં સીમા પર ચીની જવાનોની સાથે થયેલી અથડામણ બાદ લેવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ભારતને વિશ્વ ગુરુ બનાવવા ટેલેન્ટોને માટે પ્લેટફોર્મ કોણ પુરૂ પાડશે.....?ચીનનો સરહદી ચાળો શા માટે....?

*વિશ્વભરમા કોરોનાએ તેનું રાક્ષસી રૂપ બતાવતો આગળ વધતો જઈ રહ્યો છે. તે સાથે વિશ્વની મહાસત્તાઓ સહિતના દેશોના અર્થતંત્રની ખાનાખરાબી સર્જી દીધી છે. ત્યારે કેટલાક દેશોએ વિદેશી ટેલેટોને,તજગ્યો, નોકરીયાતોને દેશ છોડી જવા કહી દીધું છે. તે બાબત કેટલાક દેશો માટે ચિંતા બની રહેશે. ભારતમા કોરોના જેટ ગતિથી આગળ વધી રહ્યો છે તેને નાથવા ભારતના મેડિકલ નિષ્ણાતો,વિજ્ઞાનીઓ, આયુર્વેદ નિષ્ણાતો ભરપૂર પ્રયાસ કરી રહ્યા છે. સરકાર પણ કોરોના નાથવા જરૂરી તમામ પગલાં લઈ રહી છે. તો બીજી તરફ વિશ્વના દેશો કોરોના સામે લડવામાં ઓતપ્રોત છે ત્યારે ભારતને કોઈ દેશ મદદ કરવા દોડી નહિ આવે તેવી ગણતરી, ઉપરાંત વિશ્વના મોટાભાગના દેશો ચીનને કોરોના વાયરસ માટે દોષી માની રહ્યા છે અને ચીન વિશ્વ તક્ષા પરથી ફેંકાઈ જશે તેવા કારણે તેમજ સમગ્ર ચીનમા શિ જીન પીગ સામે અને સામ્યવાદી પક્ષ સામે લોકો આક્રોશ ફરી વળ્યો છે જે ક્યારે લાવા બની જાય.....? અને કદાચ ચીનના ભાગલા પાડી દે તેવા વિવિધ કારણોને લઈને ચીનની પ્રજાનું અને વિશ્વના દેશોનું કોરોનાથી ધ્યાન વાળવા ભારતની સરહદે ઘૂસણખોરી કરી તે સાથે આપણા ૨૦ જવાનોને શહીદ કરી નાખ્યા અને લશ્કરનાં ધાડા ખડકી દીધા તો રશિયાના એક પ્રાતમા ઘૂસણખોરી કરી દીધી, નેપાળમાં ચીનના કહ્યાગરા પીએમ ઓલીએ ભારતના કેટલાક ભાગો નેપાળના હોવાના નકશા પ્રસિદ્ધ કરવા સાથે ભારત સામે સરહદે નેપાળી લશ્કર ઉતારી દીધુ, ચીને મ્યાનમારમાં આતંકવાદીઓને શસ્ત્ર સહાય આપીને દાદાગીરી શરૂ કરી, પાકિસ્તાનને મોટું કરજ આપી ગુલામ જેવું બનાવી દીધું છે. અને વાયા પાકિસ્તાન ભારતના પાક કબજાવાળા પોક વિસ્તારમાં ડેમ ઉભો કરવાનું શરૂ કરી દીધું. પરિણામે સમગ્ર વિશ્વમાં ચીન સામે ભારે હોહા મચી ગઈ... અમેરિકાએ ચીન સામે એશિયામાં લશ્કર ઉતારવા સાથે યુદ્ધ જહાજો મોકલવા તૈયારી કરી તો જાપાન, રશિયા સહિતના દેશો ભારતની તરફેણમા આવી ગયા.. ચીને યુદ્ધ જેવો માહોલ ઊભો કરી દીધો અને વિશ્વના દેશો કોરોના ભૂલીને ચનની યુદ્ધનીતિ તરફ નજર દોડાવતા કરી દીધા. ભારતની લશ્કરી તૈયારી જોઈને ચીન સાથે સમજૂતિ થતા ગલવાનથી ચીને પોતાનું લશ્કર પાછું હટાવ્યું..... જો કે કેટલાક નિષ્ણાતો કહે છે કે ગલવાનમાં આવતા બર્ફીલા પાણીના કારણે જવાનો ઠુઠવાઈ મરે તે કારણે પણ ચીને સમાધાન કર્યું હોઈ શકે.....!*

*ભારત કોરોના અને સરહદી પ્રશ્ને મથામણમા છે ત્યારે બીજો ભાર આવવાની શક્યતા વધી પડી છે....! મિત્ર દેશ અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે ત્યારે જીત મેળવવા માટે એચબી-વન વિઝા પર પ્રતિબંધ મૂક્યા બાદ અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓ ઘર ભેગા થવા કહી દીધું છે... જેનું કારણ છે ઓનલાઈન અભ્યાસ શરૂ કરી દેવાનું. જેની અસર ભારતના અઢી લાખ વિદ્યાર્થીઓને થશે તો એચબી-વન વિઝાને કારણે ૪૦ લાખથી વધુ ભારતીયોને અસર થશે. એજ રીતે કુવૈતમા નોકરી કરતા વિદેશીઓને પોતાના દેશ જતા રહેવા ફરમાન કરતા આઠ લાખથી વધુ ભારતીયો ભારત પરત ફરવા મજબૂર બનશે....! તેની સાથે ભારતમાં વિદેશી હુડિયામણ આવકને મોટો ફટકો પડશે. તે ખરેખર ભારત માટે ભારે ફટકો હશે.... તો અમેરિકામાં સ્થાયી થયેલા અભ્યાસ કરવા ગયેલા ટેલેન્ટો તથા નિષ્ણાતો ભારત પરત ફરવા નથી માગતા પરંતુ ન્યૂઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ન્યુયોર્ક જેવા દેશો તરફ જવા માંગે છે.... અને તેનું કારણ છે આ દેશોમા ટેલેન્ટોને -નિષ્ણાતોને તક મળે છે. ત્યારે ભારતમાં ટેલેન્ટો કે નિષ્ણાતોને માટે તકો છે જ નહીં તેમ કહીએ તો ખોટું નથી......!? ત્યારે ભારતે પોતાના ટેલેન્ટોને નિષ્ણાતોને માટે આગળ વધવાની જરૂર છે. ભારતના ટેલેન્ટો, તજજ્ઞોને કારણે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિતના અનેક દેશો વિશ્વસ્તરે નિકાસના મહારાજા બની ગયા છે. તો ભારતને વિશ્વ ગુરુ બનાવવા તથા દરેક ક્ષેત્રે વિકાસ કરવા ભારતમાં ટેલેન્ટોને-નિષ્ણાતોને તમામ પ્રકારની જરૂરતો- સહાય પૂરી પાડવા પડશે..... જેથી ભવિષ્યમાં ચીન સહિતના દેશોને પાછળ ધકેલી શકાય. ત્યારે એક જ સવાલ... કેન્દ્ર સરકાર ભારતના ટેલેન્ટો-નિષ્ણાતોને તમામ જરૂરી સુવિધાઓ સાથેનુ પ્લેટફોર્મ આપશે કે કેમ.....?*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૦/૦૭/૨૦૨૦, શુક્રવાર, અષાઢ વદ-૫
સૂર્યોદય-૬-૧૧, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રાપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૧૧થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૨ સુધી, ૧૨-૫૨ થી શુભ-૧૪-૩૩ સુધી, ૧૭-૫૩ થી ચલ-૧૯-૩૩ સુધી, ૨૨-૧૩ થી લાભ-૨૩-૩૩ સુધી

**- શુભ હોરા-**
૬-૧૧થી ૯-૩૨ સુધી, ૧૦-૩૯થી ૧૧-૪૫ સુધી, ૧૩-૫૯થી ૧૭-૨૦ સુધી, ૧૮-૨૭થી ૧૯-૩૩ સુધી



ચંડીગઢ નામજૂર ચોકમાં ભારે વરસાદ દરમિયાન દરરોજ કામ મેળવવા માટે રાહ જોતા સ્થળાંતર કરનારા કામદારો ઝાડ નીચે બેસે છે.

# થરાદ ના વિવિધ ગામોની મુલાકાત કરતાં જીલ્લા વિકાસ અધિકારી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

થરાદ તાલુકાના ભાચર ભાપી સહિત ગામોની મુલાકાત માટે જીલ્લા વિકાસ અધિકારી આવી પોહચાય હતા ડીડીઓ દ્વારા આજે અચાનક જીલ્લા માંથી થરાદ તાલુકા ના ભાપી ભાચર ગામની મુલાકાતે ગ્રામજનો દ્વારા ડીડીઓ નું પેહલા સ્વાગત કરવામાં આવ્યું હતું બધા માં ગ્રામ પંચાયત ની મુલાકાતે આવી તમામ વારસાઈ લઈને જન્મ મરણ , બીન ખેતીની ,ઘરવેરો ,જેવા તમામ રેકોર્ડ ની તપાસ ઉડાણ ભરી તપાસ કરી હતી બાદ માં વોટરશેડ યોજાના માં ચાલતા કામો તળાવો આડબંધ તેમજ બંધપાળા જેવા કામો નું નિરીક્ષણ લઈ ગ્રામજનો સાથે વાતચીત કરી હતી અચાનક આવેલ ડીડીઓ ના કારણે સરપંચો સહિત વહીવટી તંત્ર માં ફફડાટ જેવો માહોલ જોવા મળ્યો હતો પાલનપુર થી આવેલ ડીડીઓ સાથે સંસદ પરબતભાઇ પટેલ ડીડીઓ સહિત હાજર રહ્યા હતા..

# મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અને કિસાન પરીવહન યોજનાનો લાભ લેવા માટે I-Khedut પોર્ટલ પર ઑનલાઇન અરજી કરવી

**ઑનલાઇન અરજીની પ્રિંટ સાથે ૭-૧૨/૮-અ, આધાર કાર્ડ અને બેંક પાસબુકની નકલ જેવા જરૂરી સાધનિક કાગળ સહીત અરજીની નકલ ગ્રામસેવક અથવા તાલુકા ખેતીવાડી કચેરીને પહોંચાડવાની રહેશે**

માહિતી બ્યુરો, પાટણ

રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મુખ્ય મંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના હેઠળ પાક સંગ્રહ સ્ટ્રક્ચર(ગોડાઉન) બનાવવા ખેડુતોને સહાય તેમજ કિસાન પરિવહન યોજના હેઠળ કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે મીડીયમ સાઈઝના ગુડ્ઝ કેરેજ વાહનની ખરીદી ઉપર ખેડુતોને નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેનો લાભ લેવા આગામી તા.૧૫ ઓગષ્ટ સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ પર ઑનલાઈન અરજી કરી શકાશે.

ખેડૂતોને મદદરૂપ થઈ આત્મનિર્ભર ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા બે યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ યોજના પૈકી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનામાં રાજ્યના તમામ ખેડુતોને પોતાના ખેતર ઉપર પાક સંગ્રાહક સ્ટ્રક્ચર બનાવવા કુલ ખર્ચના 30% અથવા રૂ.૩૦,૦૦૦/-(ત્રીસ હજાર) બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. લાભાર્થી ખેડુતે આ યોજના હેઠળ ન્યુનતમ ૩૩૦ ચોરસ ફુટ વિસ્તારનું કોંક્રીટ સ્ટ્રક્ચર બનાવવાનું રહેશે. લાભાર્થી ખેડુતને સહાય બે હપ્તામાં મળવાપાત્ર રહેશે. કિસાન પરીવહન યોજના હેઠળ ખેતીવાડી ખાતા દ્વારા એમ્પેનલ્ડ કરેલ મીડીયમ સાઈઝના ગુડ્ઝ કેરેઝ વાહન (ચાર પૈડા વાળા અને ૬૦૦ કિ.ગ્રા. થી ૧૫૦૦ કિ.ગ્રા. સુધીની ભાર વહન ક્ષમતા ધરાવતા વાહન) ખરીદવા માટે નાના/સિમાંત/મહિલા/અનુ.જાતિ./અનુ.જનજાતિના ખેડુતોને કુલ ખર્ચના ૩૫% અથવા રૂ.૭૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે અને સામાન્ય/અન્ય ખેડુતોને કુલ ખર્ચના ૨૫% અથવા રૂ.૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવશે.

ઉપરોક્ત બન્ને યોજનાનો લાભ લેવા માટે આઇ ખેડુત પોર્ટલ ઉપર આજથી આગામી તા.૧૫ ઓગષ્ટ સુધી ઑનલાઇન અરજી કરી શકાશે. ખેડુતોએ i-khedut પોર્ટલ www.ikhedut.gujarat.gov.in પર ઑનલાઇન અરજી કરીને, અરજીની પ્રિંટ સાથે ૭-૧૨/૮-અ, આધાર કાર્ડ અને બેંક પાસબુકની નકલ જેવા જરૂરી સાધનિક કાગળ સહીત અરજીની નકલ ગ્રામસેવક અથવા તાલુકા ખેતીવાડી કચેરીને પહોંચાડવાની રહેશે.

યોજનાની વધુ વિગતૈ-ારીક્ષેં પોર્ટલ ઉપર જોઇ શકાશે અથવા વધુ જાણકારી મેળવવા નજીકના ગ્રામસેવક અથવા તાલુકા ખેતીવાડી કચેરી સંપર્ક કરવો. પાટણ જિલ્લાના વધુમાં વધુ ખેડુતોને આ યોજનાઓનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દાંતા તાલુકામાં ઊંટ વૈધ ડોકટરો નો રાફડો ફાટી નીકળ્યો

દાંતા તાલુકામાં આવેલાં દાંતા અને નવાવાસ નારગઢ ગામમાં અનેક ગામોમાં બોગસ ડોકટરોનો રાફડો ફાટયો છે ત્યારે આવા બોગસ ડોકટરો પોતાની બેદરકારી દાખવી પોતે કમ્પાઉન્ડર હોય છે અને પોતે ડીગ્રી વગરના ડોક્ટર દવાખાના ખોલી બોગસ દવાખાના ઉપર ડોક્ટર શબ્દ લખી પોતાની ઓળખાણ ડોક્ટર આપતા હોય છે અને આવા ઊંટ વૈધ ડોક્ટરોની સતા નથી હોતી કે કોઈને ઇન્જેક્શન અને ટોકા લેવાની છતાં પણ આવા દવાખાના ચલાવનાર ઊંટ વૈધ ડોક્ટરો ઉપર આરોગ્યની તબીબો ની છત્ર છાયા હેઠળ ચાલતા બોગસ દવાખાના ઉપર આરોગ્ય મંત્રીની છત્ર છાયા હેઠળ ચાલતા બોગસ ઊંટ વૈધ ડોક્ટરો દ્વારા કોઈને હા ના ની થાય તો જવાબદાર કોણ તંત્ર કે પછી પોતે કમ્પાઉન્ડમાં થી બનેલા ડોક્ટર હવે તંત્ર દ્વારા કેટલા સમયમાં બોગસ દવાખા ઉપર કાયદેસરની તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તે આવનારો સમય બતાવશે.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# ચાણસ્મા સહિત ૨૦૦થી વધારે આંગણવાડી ઓ દ્વારા ભુલકાઓ ને સુખડી વિતરણ કરવામાં આવ્યું

કોરોના મહામારી ના કોરોના નૂ સંક્રમણ ના ફેલાય તેવો સાવચેતી ના ભાગ રુપે આંગણવાડી થી માંડી કોલેજ સુધી નું શિક્ષણ બંધ છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા નાના ભુલકાઓ ને પોષ્ટિક નાસ્તો મલી રહે તેવા શુભ આશયથી આંગણવાડી કાર્યકર અને તેડાગર દ્વારા તેમના વિસ્તારમાં આવતા મુલાકાતીઓને ધરે ધરે જઈ દર ગુરુવારે સુખડી નું વિતરણ કરવાની કામગીરી કરવા આદેશ કરાતા ચાણસ્મા શહેર સહિત ૨૦૦ થી વધારે આંગણવાડી ઓ માં દર ગુરુવારે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા સુખડી નૂ વિતરણ અભિયાન અંતર્ગત ચાણસ્મા તાલુકાના સેવાલા ગામે આંગણવાડી કાર્યકર સોનલબેન પ્રજાપતિ તેડાગર આશાબેન યોગી દ્વારા તેમના વિસ્તારમાં આવતા ભુલકા ઓ ને ડોર ટુ ડોર સૂખડી નું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે આંગણવાડી કાર્યકર પાર્વતી બેન અને ગીતાબેન દ્વારા કોરોના મહામારી ના કપરા સમયમાં લોકો ને માસ્ક પહેરીને બહાર નીકળવુ સોશ્યલ ડિસ્ટન્સ જાલવવુ કામ સિવાય લોકો ની ભીડ વચ્ચે જવું નહી સહિત પોતાની અને પોતાના પરિવારની કાલજી કેવી રીતે રાખવી તે અંગે ડોર ટુ ડોર સંપર્ક કરી માહિતી આપી હતી અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા

# પ્રભારી સચિવશ્રીએ કોવિડ વોર રૂમની મુલાકાત લઇ કોરોના પોઝીટીવ દર્દીઓ સાથે વાતચીત કરી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવશ્રી અરૂણકુમાર સોલંકીએ પાલનપુર કલેકટર કચેરી ખાતે કાર્યરત કમાન્ડ અને કંટ્રોલ રૂમ-કોવિડ વોર રૂમની મુલાકાત લઇ વિડીયો કોલના માધ્યમથી પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પીટલ તથા હોમ આઇસોલેશનમાં રાખવામાં આવેલ કોરોના પોઝીટીવ દર્દીઓ અને તેમને સારવાર આપી રહેલા નર્સ તથા ડૉકટરો સાથે વાતચીત કરી તેમના ખબરઅંતર પૂછ્યા હતાં. કોરોના પોઝીટવ દર્દીઓ સાથેની વાતચીતમાં તેમને હોસ્પીટલમાં આપવામાં આવતી સુવિધા અને સારવાર અંગે સચિવશ્રીએ જાયજો મેળ્યો હતો. તેમણે દર્દીઓને કોઇ સુચનો હોય તો તે પણ જણાવવા કહ્યું હતું જેથી કરીને ખુટતી સુવિધાઓમાં વધારો કરી શકાય.

## કેશોદ નગરપાલિકાનાં મિલ્કત ધારકોને વેરાની રાહતમાં મુદ્દત વધારવા માંગ

# કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ દ્વારા ગુજરાત નાં મુખ્યમંત્રી ને લેખિતમાં રજૂઆત કરી

કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આત્મ નિર્ભર પેકેજ અંતર્ગત મિલ્કત વેરામાં રાહત આપવામાં આવી છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા પણ શહેરમાં આવેલા ચાલીસ હજાર જેટલા મિલ્કત ધારકોને રાહત આપવા માટે યોજના જાહેર કરી છે. આત્મ નિર્ભર યોજના અંતર્ગત રહેણાંક વિસ્તારમાં આવેલા મિલ્કત વેરામાં રાહત એક માસ સુધી માં ભરપાઈ કરવા અને વાણિજ્ય હેતુની મિલ્કત વેરામાં રાહત બે માસ સુધીમાં ભરપાઈ કરવા ની સમયમર્યાદા



નક્કી કરવામાં આવેલ છે. કોવીડ-૧૯ માં લાગું કરવામાં આવેલ લોકડાઉન માં ત્રણેક મહિના સુધી બંધ રહેલાં ધંધા રોજગાર ને કારણે આર્થિક સ્થિતિ કફોડી બની ગઈ છે અને જીઈબી નાં લાઈટ બીલ પણ આવી જતાં ભરવાના રહેશે. કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા લેખિતમાં રજૂઆત ગુજરાત રાજ્ય સરકાર નાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને કરીને માંગ કરી છે કે તાજેતરની આર્થિક સ્થિતિ ધ્યાનમાં રાખીને આત્મ નિર્ભર યોજના અંતર્ગત જાહેર કરવામાં આવેલ મિલ્કત વેરામાં રાહત ની મુદત વધારવા માં આવે. કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા મિલ્કત વેરામાં રાહત આપવામાં આવી છે જેમાં મુદ્દત વધારવા માટે કરેલી રજૂઆત ની જાણ ધારાસભ્ય અને સાંસદ ને પણ કરેલ છે.

# અરવલ્લીની પ્રાકૃતિક ગોદમા ગુજરાતી ગીતનું શૂટિંગ નિહાળવા લોકો ઉમટ્યા



મોટી ઈસરોલ, તા.૯

અરવલ્લી મોડાસા તાલુકાના નાની ઈસરોલ અને શામળાજી ખાતે ગુજરાતી ગીત નુ શુટીગ કરવામાં આવ્યું

શુટિંગનુ શુભ મુહર્ત મોટી ઈસરોલના આગેવાન અને જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતુ.તેમણે આ પ્રસંગે એસ.કે.ફિલ્મ પ્રોડક્શન અને કલાકારોને શુભકામનાઓ પાઠવી હતી.

એસ કે ફિલ્મ પ્રોડક્સનના બેનર હેઠળ શુટિંગ કરવામાં આવ્યું હતુગીતનું ડાયરેક્શન શક્તિ કુંવર પટેલ (મોડાસાવાલા )તરફથી કરાયું હતુ આ ગીત મા કલાકાર તરીકે ચિરાગ ઠાકોર .પાર્થ ,શુભાનશીન અને સલમા પંજવાણી અને યુનુશ ખેરાડા એ અભિનય કર્યો હતો ..કેમેરા મેન તરીકે ફારૂક ભાઈ અને સમગ્ર શૂટિંગ નુ સંચાલન મહેન્દ્ર ભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતુ

ગીતના શૂટિંગ વખતે મોટીસંખ્યામાં સ્થાનિકો ઉમટી પડ્યા હતા.પ્રકૃતિની ગોદ મા થયેલા ગીતના શબ્દો જેમજેમ ગુંજતા ગયા ત્યારે શૂટિંગ જોવા હાજર લોકો પણ ઝૂમી ઉઠ્યા હતા

## સરકાર બે મોઢે વાત કરે છે એકબાજુ એમ કહે છે કે

# સરકાર સજ્જ છે તો બીજી બાજુ દર્દીઓ પાસે થી દવાનાં નામે પૈસા લે છે

વાત છે સુરતની TRIDENT Hospital ની

જ્યાં દર્દીઓને સારવાર દરમિયાન દર્દીને ચેકઅપ કરે ને દવા સમયસર પહોંચતી નથી તો દર્દી ને સારવાર પણ મળતી નથી. સવારના દર્દીને રાત સુધી સારવાર પણ મળતી નથી અને દવા બહાર થી લઈને આપવાની તો સરકાર રાહત કઈ રીતે આપે છે.

સરકારી દવાખાને થી જો તમે પ્રાઈવેટ દવાખાને જવાનું કહો તો રોજ નું બીલ આવે અને એ જ ટ્રાન્સફર સરકાર તરફથી થાય તો ફ્રી.

અને એમાં પણ બે ભાગ


૧. જો પર્સનલ રૂમ હોય તો ચાર્જ લાગે

૨. જો જનરલ રૂમ હોય તો ફ્રી થશે.

પણ આ હકીકતમાં ખોટું છે જનરલ રૂમમાં પણ આ લોકો દવાઓનાં તો પૈસા લે છે તો ફ્રી કઈ




રીતે.સરકાર કોરોનામા લોકોને સહાય કરે છે કે પછી ગુમરાહ કરે છે.સુરત ના અનેક લોકો ને કોરોના થયો છે તેમાં આજની પરિસ્થિતિ માં કોઈ પાસે પૈસા નથી હોતા એવામાં આવી રીતે વિનામૂલ્યે કહીને પૈસા લેવા એ કયા પ્રકાર નો નિર્ણય છે? એ વાત જોવાની વાત છે. આ બાબત ની જાણકારી ત્યાં દાખલ થયેલા લોકો દ્વારા જ માહિતી આપવામાં આવી છે એ જરા પણ ખોટી નથી. આપણાં આરોગ્ય મંત્રી પણ મન ફાવે તેવા નિવેદનો આ નાજુક પરિસ્થિતિ માં આપી રહ્યા છે. શું તમને લોકોએ એટલા માટે મત આપ્યા છે કે તમે આવા નિવેદનો આપો આવી નાજુક પરિસ્થિતિ માં? આપણાં સ્વજનો ગુમાવી ત્યારે જ આની રદય દ્રાવકતા ખબર પડે એવી વાત છે. નેતાઓના મામા માસી ફુઈ ના લોકો માટે સારી વ્યવસ્થા ને આમ જનતા બિચારી હોસ્પીટલ માં ગોથા ખાય. ભાઈઓ નેતાઓ આ એ જ જનતા છે જેમણે તમને નેતા બનાવ્યા છે. ભ્રષ્ટાચાર નો કોઈ પાર નથી. ત્યારે જ ચાલીશ હજાર નું ઈંજેક્શન એકલાખ માં વેચાય ને? શરમ કરો, ભગવાન નો ડર રાખો નહી તો તમને પણ બચાવવા કોઈ નહી આવે.( મિલન પાનશેરિયા કે જેના પિતા આં હોસ્પિટલ માં છે.જેમને મોકલેલી આં મેટર શોભના કાકડિયા દ્વારા)



ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ઊગતી ઉષા

રાત્રિની નીરવ શાંતિ પછી પરોઢ જાણે પગમાં ઝીણી ઝીણી ઝાંઝરીઓ ઝમકાવતી આવતી હોય એમ લાગે.પક્ષીઓના જીણા કલબલાટની વચ્ચે કાગડો પોતાની હાજરી પુરાવતો હોય એમ કા..કા..કા..કરે. અને આદિત્યનો સાત અશ્વોનો રથ જેમ જેમ નજીક આવતો જાય તેમ તેમ પરોઢ સવારમાં ફેરવાતી જાય.સૂરજદેવતા જાણે પોતાની સાથે હજારો વોલ્ટનો બલ્બ લઈને આવ્યા હોય એમ પ્રકાશ આખી ધરતી પર ફેલાઈ જાય.આવી ઉગતી ઉષાને જોવાનો લ્હાવો કંઈક અલગજ હોય છે.ઉષા થતાંજ થંભી ગયેલા સમયમાં જાણે ગતિ આવી ગઈ હોય એમ લાગે.એમાંય પાછી ગામડાંની ગતિ અને શહેરની ગતિમાં ફરક ઊડીને આંખે વળગે છે.

ગામડાંમાં પરોઢ થતાંની સાથે પનિહારીઓ પાણી ભરવા,કપડાં ધોવા અને ગોવાળો પોતાની ગાયભેંસોને નવરાવવા નદીએ જતાં દેખાય છે.કોઈક ડેલીમાં ઊભા ઊભા સૂર્યને અર્ધ્ય આપતું દેખાય છે.તો ક્યાંક કોઈક વૃધ્ધ દાદા પોતાના પૌત્ર પૌત્રીને લઈને કૂણાં કૂણાં તડકાનો આસ્વાદ લેતા દ્રષ્ટીગોચર થાય છે.ઘરની વહુઓ આંગણા લીપતી,રંગોળી કરતી કે તુલસી પૂજતી દેખાય છે.ઘરના પુરૂષો પોતપોતાના બળદો ,હળ, કે ટ્રેક્ટર લઈને ખેતરે જતાં દેખાય છે.આવી આ સુંદર સવારના દર્શનની સામે શહેરની સવાર સાવજ જુદી હોય છે.શહેરમાં રહેતા કહેવાતા શહેરીજને પરોઢ તો ભાગ્યેજ જોઈ હશે.કારણ મકાનોની ગીચ વસ્તીને કારણે અહીં ઘરને બારીઓ નથી હોતી.અને જ્યાં બારીઓ હોય છે એ બારીઓ મચ્છરોના પ્રવેશની બીકે કાયમ બંધજ રહે છે.બારીના કાચને સૂર્યના કીરણો ટકોરા પર ટકોરા મારે છે.પરંતુ મોબાઈલના રીંગટોનની વચ્ચે કે ટીવી પરના કાર્યક્રમોના ઘોંઘાટમાં સૂર્યના કીરણોના ટકોરા શહેરીમાનવને નથી સંભળાતા. સવાર થતાંજ અહીંની માનુનીને ચિંતા હોય છે ચીટુની સ્કૂલબસ જતી ન રહે એની, સાહેબના ઘરમાંથી નીકળવા પહેલા તો ટીફીનવાળો આવી જાય,નળમાં આવતું પાણી બંધ થઈજાય એ પહેલાં પાણી ભરી લેવાની ઉતાવળ.ઘરમાં પાછળ રહી ગયેલા સાસુસસરા કે બીજા મેમ્બરો માટે રસોઈ બનાવી પોતાની ઓફીસે પહોંચવા માટે વસઈથી સવારની ૯ : ૨૦ની ચર્ચગેટ ફાસ્ટ લોકલ છૂટી ન જાય એના ઉચાટમાં સતત ઘડીયાળના કાંટે દોડતી એ કહેવાતી ઘરની રાણીને પરોઢથી લઈને ધરતી પર નિશાએ ક્યારે પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું તે વિચારવાનો સમયજ નથી મળતો.આ બધાની વચ્ચે જો એકવાર નિરાંતે ઊષાને નીરખવાનો સમય મળે તો ખબર પડે કે ઊગતી ઊષા કેટલી સુંદર હોય છે.પર્વતો પર ધીરે ધીરે પથરાતો સોનેરી તડકો પર્વતો પર સોનાનો ઢોળ ચડાવ્યો હોય એવા સોનેરી લાગે છે. નદી તળાવ ઝરણાં કે સમુદ્રના નીર પર પડતા સૂર્યના કીરણો જાણે કીરણો નહોય પરંતુ હીરાઓનો વરસાદ વરસાવતો હોય એમ પાણી પર ચમકે ત્યારે કુદરતને સલામ ભરવાનું મન થાય છે.ઊંચા ઊંચા વૃક્ષો ધીમે ધીમે લહેરાઈ લહેરાઈને નૃત્ય કરતા કરતા સાત અશ્વના રથ પર બિરાજમાન ભાસ્કરને આવકારતા હોય એમ લાગે.અને આ બધીજ ગતિવીધીઓની પાછળ બ્રહ્માંડના રાજા પ્રભાકરનોજ હસ્તક્ષેપ સ્પષ્ટ થાય છે. આવી સુંદર ઉષાને માણવા ઉચ્ચમધ્યમ વર્ગના લોકો ચાલવાની કસરત કરવાને બહાને પણ ઘરની બહાર નીકળે છે.રસ્તા પર એક બાજુ સમય પર કામધંધે પહોંચવા ટ્રેન કે બસ પકડવા દોડતો હાંફતો માનવી.......અને બીજી બાજૂ ફૂટપાથ પર પડ્યોપાથર્યો રહેતો ગરીબ માનવી....!! કુદરતની આ વિરોધાભાસી લીલા જોઈને ક્યારેક શંકા પણ થાય છે. કુદરતે તો પોતાની અનુકંપા બંને માનવી માટે સરખીજ વરસાવી છે. છતાં આ વિરોધાભાસ શા માટે? એકની પાસે ખાવાનું છે તો સમય નથી અને બીજા પાસે માત્ર સમયજ સમય છે પરંતુ ખાવાનું નથી. ખેર આતો વિષય બહારની વાત થઈ.ક્યારેક સવારના સમયે કોઈક મંદિર પાસેથી પસાર થઈએ ત્યારે ત્યાંનું એ દ્રષ્ય જોઈને મન વિચારોની કેડી પર જઈ પહોંચે છે, જ્યારે મંદિરની બહાર પૂજાપો વેચતા દુકાનદાર પાસે પૂજાપાની થાળીનો ભાવતાલ કરતા ભક્તજનોને જોઈને થાય કે પૂજાપામાં તોલમાપ કરીને ખરીદેલો પૂજાપો ભગવાનને ધરતી વખતે આજ ભગત ભગવાન પાસે માત્ર પોતાના માટે સુખ માંગવા જાય ત્યારે કદાચ ઈશ્વર પણ આ રીતેજ તોલમાપ કરી લેતો હશેને.......!! મંદિરની અંદર પ્રવેશતાંજ મંદિરની એક અનેરી ઠંડક પગના તળીયાને સ્પર્શી જાય છે.મંદિરની અંદર બોલાતા મંત્રોચ્ચારથી, કપૂર, અગરબત્તીની મહેક અને એની સફેદ ધૂમ્રસેર વાતાવરણને એક અનેરી તાજગી બક્ષે છે.ઈશ્વરની પ્રતિમા પર થતાં અભિષેકનું દ્રષ્ય અને ત્યારબાદ ફૂલોથી શણગાર્યા પછી ઈશ્વરનું મઘમઘતું સ્વરૂપ મનને તરબતરકરી દેછે.કુદરતના આ સુંદર નિત્યક્રમને કોઈ હસતો તો કોઈક રડતો, માનવી સમયની સાથે સરતો જાય છે.અને આ રીતે વિદાય લેતા દિવસને આપણે વિદાય આપીએ છીએ, ફરીથી નવા સપનાંઓ, નવી ઈચ્છાઓ સાથે ઉષાના આગમનને આવકારવા......!

લેખિકાઃ આરતી અ. મરચંટ
મુંબઈ : કાંદીવલી.

--------------------------------------

સ્વપ્ન બની ને આવીશ...

આપને એક થઇએ નિયતિને કયાં મંજુર હતું?
તારા રંગીન જીવનમાં મેઘધનુષ રંગ ભરશે ત્યારે
સ્વપ્ન બની ને આવીશ
આમ તો તારાં જીવનનો હિસ્સો પણ નથી રહ્યો કાયમનો,
મારા કિસ્સાઓને યાદ કરીશ તું જ્યારે જ્યારે
સ્વપ્ન બનીને આવીશ
આમ તો આદત તારી રમે રમત કાયમ પ્રેમની ,
ક્યારેક તું તારી લાગણીઓને હારી જઈશ ત્યારે,
સ્વપ્ન બનીને આવીશ.....
તને ક્યાં છે ખબર તારાં માટે મારી લાગણીઓની?
ભૂલી જસે તને લોકોને એકલતા સાલશે તને જ્યારે ,
સ્વપ્ન બનીને આવીશ...

મનીષ વોરા " અભિવ્યક્તિ "

--------------------------------------

ઘણિયાણી

"તેનાથી પંદર વર્ષ મોટો અને ઉપરથી સાત વર્ષના ગાંડા છોકરાની જવાબદારી! ખબર નહીં કેમ ચાલશે સંસાર."

"આ તો ભાઈ પૈસાની કમાલ છે નહીંતર આટલી રૂપાળી, ગુણિયલ છોકરી માટે સમાજમાં છોકરાઓની ક્યાં કમી છે?"

વીસ વર્ષની રેવા પાંત્રીસ વર્ષના કેશવને પરણી ત્યારે ગામમાં વાતોના વાવાઝોડા એ ગંભીર સ્વરૂપ લઈ લીધું.

નગરશેઠ કેશવને ત્યાં સાત પેઢી ખાતા ન ખૂટે એટલું ધન પણ તેની વહુ સુખ ભોગવવા એક જન્મ પણ પૂરો ના રહી. તેની પહેલી પત્ની માયાએ બાળકને જન્મ આપતાની સાથે જ દુનિયાને અલવિદા કહી દીધી. વિધવા માના ભરોસે મોટા થતાં બાળક માટે જરૂરિયાત કરતા વધારે દૂધ, રમકડાં, મેવા-મીઠાઈની રેલમછેલ રહેતી. પણ એક ન પુરાય એવી ખોટ હતી માના વ્હાલની! દીકરા અમરને ડોકટરે સામાન્ય તપાસ પછી જ તેની મંદબુદ્ધિનો અણસાર આપી દીધો હતો. ફરી બીજો ઝાટકો કેશવ સહન કરે ત્યાં તો રાતે સુતેલી મા એક સવારે ઉઠી જ નહીં ને!

આટલું મોટું ઘર, મંદબુદ્ધિનો દીકરો અને વેપાર બધું કેશવ માટે એકલે હાથે સાંભળવું મુશ્કેલ હતું. એનો એક જ ઉપાય હતો, બીજા લગ્ન. ખોરડાની ઈજ્જત અને પૈસાને કારણે નાજૂક,ગુણિયલ રેવાનું માંગુ તેના બાપે સામેથી નાખ્યું. વાજતે-ગાજતે રેવા કેશવના ઘરની શોભા બની ગઈ.

લગ્નના બીજે દિવસે રોજની જેમ કેશવ ઉઠીને નાવણીયે જતા ટુવાલ શોધવા લાગ્યો.

"ચા તૈયાર છે, તમારું બધું ઠેકાણે પહોંચી ગયું છે. ઝટ પરવારીને આવો." તેણે મીઠા શબ્દોથી પહેલા નાહી લીધું. અમર તેના પહેલા તૈયાર થઈને બેઠો હતો. હવે કેશવને એટલું તો સમજાઈ ગયું કે મારું બધું ઠેકાણે પડી ગયું છે.

પરવારીને ઘરની બહાર નીકળતો હતો ને બાજુમાંના કાશીબા રોજની જેમ આવીને સામે ભટકાયા.

"વાહ આજે તો કંઈ એકદમ સમયસર ને? ભાઈ ધણીનું ધ્યાન તેની ઘણિયાણી સિવાય કોઈ ન રાખે." આગળ ચલાવતા "વહુ અમરને નાસ્તો આપ્યો? તેને ચામાં બિસ્કિટ બોળીને ખવડાવવા પડે છે. આ તો મને થયું કે નવી માના રાજમાં છોકરો બરાબર છે કે નહી તે જોઈ આવું!" બોલતા કંઈક ઈશારો કરતા બહાર નીકળી ગયા.

"ભગવાનને પામવા હોય તો મંદિરને પણ પવિત્ર માનવું પડે. તેની પૂજા કરવી પડે." દાદીની વાત રેવાને બરાબર ગળે ઉતરી ગઈ હતી. સવારે વહેલી ઉઠી નહાઈ-ધોઈ, ઘર ચોખ્ખું કરી, અમરને નવડાવી દૂધ-નાસ્તો કરાવી, રસોઈમાં વળગી. આખો દિવસ કામમાં ક્યાં જતો રહ્યો તે ખબર ન પડી. રાતે રાહ જોતા કેશવને મૂકી અમર પાસે આવી. માથે ફરતા હાથને કારણે અમરને આજે આળોટવું ન પડ્યું. બરાબર ઊંઘમાં પડી ગયો છે એ જાણ્યા પછી રેવા કેશવમય થવા ઉતાવળી બની. હળવેકથી ઉઠી ત્યાં તેને પાલવ કશેક ભેરવાયો હોય એવું લાગ્યું. પાછળ વળી તો અમર પકડીને અડધો બેઠો થઈ ગયો હતો.

"બોલ શું થયું?"

"હું તને મા નહીં કહું!"

રેવા એકદમ છોભીલી પડી ગઈ. ભ્રમર ખેંચાઈ ગઈ.

"તુ મારી ઘણિયાણી બન, કાશીબાએ કહ્યું કે ધણીનું ધ્યાન તેની ઘણિયાણી સિવાય કોઈ ન રાખે" અમર એકીશ્વાસે બોલી ગયો.

રેવાએ અમરને છાતીએ ભીંસ્યો," હા પહેલા હું તારી ઘણિયાણી, તારું બરાબર ધ્યાન રાખીશ."

ને શરુ થઈ એક પ્રેમકહાની!

વંદના વાણી....(નિર્ણાયક શ્રી)

--------------------------------------

ટૂંકીવાર્તા,

ઊપહાસ...

સમુદ્ર ના ઘૂઘવતા એ મોજા પણ તે વૃધ્ધાને કાંઈજ અસર નહોતા કરી રહ્યા,તે તેના કામમાં મગ્ન હતા. આગળ ચાલતા પાછળના પગલાં ભૂસી રહ્યા હતા..જાણે કોઈભારે યાદો ડંખી રહી હોય ને તેને ભૂલવાનો આ મિથ્યા પ્રયાસ હતો.કંઈક પૂછું તે પહેલા વાંકાવળી પાછા કંઇક શોધી રહ્યા હોય તેવો અસહ્ય રઘવાટ હતો.

પાસે જઈ પૂછવું હતું પણ પ્રતિક્રિયા નો ડર હતો મારા મનોમંથન નો એ કોઈ હિસ્સો ન હોય. હું શામાટે અહીં આવી હતી???ઘરે થીતો નિકળી હતી હ્દય પર પડેલા અવગણનાના ઉઝરડા વિસરવા ને ક્યાંક પાછા ઘા પરના પોપડા ઉખેડી એ લાલ રક્ત મારી મશ્કરી ન કરી બેસે..બહુ શોખ હતો તને તો..? નિકળી પડી હતી તું તો પ્રભુ જોડે હોડ કરવા !

મૂર્ખ બની હવે શું ખારા પાણી થી ઘા રૂઝવવા છે કે પગલાં પાછળના પણ લૂછી ઉપેક્ષાને ખોતરવી છે. સ્પષ્ટ દેખાતું હતું પડછાયો કહી રહ્યો હતો સૂરજ છે ત્યા સુધી જ છુ પછી તો અંધકાર માં શોધ્યો નહિ મળું .

પણ ના ત્યા તો એક મોજું આવ્યું ને ફરી વળ્યું પગલાં પર ને એ ખાબોચિયા માં ઉપહાસરૂપ પાણી રહ્યું . વૃધ્ધા એ પાણીને જોઈ ઉભી રહી થોડીવારમાં તરત જ પાછી વળી કંઈક ગણગણતી હતી . હું સ્પષ્ટ ન સાંભળી શકી પણ કંઈક આવું જ હતું કંઈક કેટલુંય બાકી છે ...પાછા જવું જ રહ્યું ! ને એ ઝડપથી પાછાવળી ગયા ઘૂઘવાતા મોજાને તેના પગલાં માં પાણી ભરાતા જોવા પણ ન ઉભા રહ્યા.

અસહ્ય વેદના હતી મારા હૈયાનાં એક ખૂણાને તૂટતા રક્તનું એ ખાબોચિયુંએ પગલાંમાં ભરાતા પાણીમાં દેખાતું હતું .સમુદ્રનો ધૂંધવાટ આજે કાનોમાં મશ્કરી કરતા હાસ્ય સમાન વર્તાતો હતો.જગત ખારા પાણીની બાષ્પ જેવું ખારૂ ભાસતું હતું .હું પણ સમુદ્રનું પાણી પગને સ્પર્શે એ પહેલા ત્યાંથી ઝડપથી ચાલી નિકળી જેથી પગલાની છાપ નોખી ન તરે ને પાછળ ફરૂ તો ન દેખાય ને “ઊપહાસ”થતો ન ભાસે.

જયશ્રી પટેલ....૧૩/૬/૧૮..( નિર્ણાયક શ્રી)

## પ્રવર્તમાન સમયમાં સ્પર્શતી રચના

ખબર નથી આ બધું ક્યાં જઈ અટકશે,
માણસને માણસ હોવું ,ધીમે ધીમે ખટકશે.
ઘેર આવેલા અતિથિ, બારણું જોઈ અટકશે,
હાથ-પગ ધોવાશે, જાણે ડાઘુ ઘરમાં પ્રવેશશે.
ગળે મળતો મિત્ર, હાથ મેળવવા હાથ લંબાવશે,
શંકાનો કીડો સળવળશે, હાથ પાછો ખેંચી લેશે.
અને જ્યારે જાહેર થશે કે આમને કોરોના હશે,
પળવાર માં જ ઘર ભૂતિયા ઘરમાં ફેરવાઈ જશે.
ગુનેગાર ની જેમ એકલો અટૂલો, રૂમમાં પૂરી દેશે,
બારીમાંથી ઉડતા પક્ષીઓ જોઈશ, ત્યારે થશે.
ખબર નથી આ બધું ક્યાં જઈ અટકશે,
માણસને માણસ હોવું ,ધીમે ધીમે
ખટકશે........................

# દાહોદમાં ટ્યૂશન ક્લાસીસ કે પ્રાઈવેટ ટ્યૂશન ક્લાસીસ ચાલુ રાખી શકાશે નહી

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૯ : દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એચ.મેડાએ એક યાદીમાં જણાવ્યું છે કે, દાહોદ જિલ્લાબમાં કોરોના મહામારીના સંક્રમણને અટકાવવાના પ્રયાસ રૂપે અત્રેના જિલ્લામાં આવેલી સરકારી/બિન સરકારી અનુદાનિત/ખાનગી શાળાઓ તેમજ કોચીંગ ક્લાસીસ/પ્રાઇવેટ ટ્યૂશન ક્લાસીસમાં કોઇ પણ બાળકોને ભણાવવા માટે શાળાઓ કે ટ્યૂશન ક્લાસ ઉપર રૂબરૂ બોલાવવાના રહેશે નહી. દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે શાળા કોલેજો પણ કોવીડ-૧૯નાં સંક્રમણના ફેલાવાને અટકાવવા માટે સરકારે બંધ રાખી છે. ત્યારે આવા ટ્યૂશન ક્લાસીસ/ કોચીંગ ક્લાસીસ પણ બંધ રહે તે જરૂરી છે. ટ્યૂશન ક્લાસીસ/ કોચીગ ક્લાસીસ બંધ રાખવા ટ્યૂશન ક્લાસીસ સંચાલકોને આ યાદીથી જણાવવામાં આવે છે. તેમજ કોરોનાના સંક્રમણનો ફેલાવો અટકાવવા સહાયરૂપ થવા સૌ નાગરિકોને અપીલ છે. જો આપની આસપાસ આવા કોઇ ટ્યૂશન ક્લાસીસ ચાલતા ધ્યાને આવે તો નાગરિકોએ જાગૃકતા દાખવી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના ફોન નં. ૦૨૬૭૩-૨૩૯૧૦૦ ઉપર જાણ કરવી. જેથી તેઓની સામે સરકારશ્રીના નિયમોનુસાર તુરંત કડક કાર્યવાહી કરી શકાય.

# ભાજપ સરકારનું નવું નજરાણું

## હું પણ શોધું છું.......



વિજયભાઈની સુપરહિટ ફિલ્મ મને ખબર નથી નિતિનભાઈનું મારી પાસે માહિતી નથી ની ભવ્ય સફળતા બાદ હવે આરોગ્ય મંત્રીશ્રી કુમાર કાનાણીનું નવું નજરાણું ...

હું પણ શોધું છું..
અમદાવાદમાં ખોવાયેલી કર્ણાવતી,
સુરતમાં ખોવાયેલુ શાંઘાઈ,
બરોડામાં ખોવાયેલું બેઈજિંગ,
સ્માર્ટસીટીમાં દોડતી બુલેટ ટ્રેઈન
હું પણ શોધું છું..
મહેસાણામાં નળમાંથી નીકળતો ગેસ અંકલેશ્વરમાં નળમાંથી નીકળતુ તેલ,
આણંદમાં નળમાંથી નીકળતું દૂધ,
ડીસામાં બટાટામાંથી બનતી વેફર ,
હું પણ શોધું છું..
ધોલેરાનુ એરપોર્ટ,
ચોટીલાનું એરપોર્ટ,
રોરો ફેરી ને સી-પ્લેન
હું પણ શોધું છું..
તમે બનાવેલી સરકારી શાળાઓ,
શાળાઓમાં શિક્ષક,
શિક્ષકને પુરતુ વેતન,
સસ્તી ફી...
હું પણ શોધું છું..
પાકવીમાનું વળતર,
સસ્તુ બળતણ,
ખેડુતના માલના પુરતા દામ,
ખેડુતમાં જીવવાની હામ.
હું પણ શોધું છું..
નોકરીઓમાં ભરતી,
ભ્રષ્ટાચારમાં ઓટ...
વિદ્યાર્થીઓને ન્યાય
રોજગારનો પર્યાય...
હું પણ શોધું છું..
કોરોનાનો સાચો આંક,
થાળી વગાડતી પ્રજાનો વાંક,
ધમણમાં શ્વાસ,
સારવારનો વિશ્વાસ,
હું પણ શોધું છું..
વહીવટની ખબર હોય એવા મુખ્યમંત્રી,
માહીતી ધરાવતા ઉપ મુખ્યમંત્રી,
રીમોટ વિનાની સરકાર,
લોકોની થતી દરકાર,
હું પણ શોધું છું..
દર્દીઓ પોતાને બચાવે એવા ટોસીલીઝુમેબ ઈન્જેક્શન અને હું
સરકાર આવે ભાનમાં
રૂપાણી સાહેબ સમજે શાનમાં
એવા ઈન્જેક્શન...
હું પણ શોધું છું..

જયરાજસિંહ પરમાર
પ્રવક્તા-ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

# વિચાર વિમર્સ -પૂર

સામન્ય રીતે પાણી નું પૂર આવે છે. અને તેમાંય નદી માં પૂર આવે છે. ધોધમાર પાણી નદી માં વહેવા લાગે છે.નદી ના બન્ને કિનારા તૂટી જાય છે.અને કિનારા પર રહેલી દરેક વસ્તુ ને ખેંચી જાય છે. તેમાં નદી એ ઠાલવેલો ગન્દો કચરો પણ ખેંચી જાય છે. સાથે સારીચીજો પણ ખેંચી જાય છે.કારણકે ધસમસતા પ્રવાહ ને વિવેક હોતો નથી.તેનામાં વિપુલ બળ હોય છે. નદીનું ઘોડાપુર હોય કે વિચારો નું પુર હોય પણ તે પોતાની હડફેટે માં ભલભલા ને લઈ લે છે. પૂર નો પ્રચંડ પ્રવાહ સારા નરસા નો વિવેક ચુકીને વિવિધ સ્વરૂપે વિનાશ ની વાત કરી જાય છે.તેથીજ દરેક બાબત માં વિવેક શક્તિ જરૂરી છે.નદી નું પાણી માણસઃ માટે જીવાદોરી સમાન છે. જ્યારે મીઠાપાની નો ભંડાર ઓછો થતો જાય છે ત્યરે નદી ખુબજ ઉપયોગી થાય છે.નદી ને માતા કહીયે છીએ.નદી નું મૂલ્ય માનવ જીવન માં અનેક ધનું છે. આ ભધુ જાણવા છતાં માણસ પાણી વેડફી નાખે છે.પુર ના પાણી ને નાથવાનું વિચારતો નથી.સમજાય તેને ધન્યવાદ.

સાચી વાત એ છે કે બહુજ ઓછા લોકો નદીના પ્રવાહ ને નાથી શકે છે.જ્યાં સુધી જળનો પ્રવાહ શાંત સ્વરૂપે વહે છે ત્યાં સુધી તેનો બહોળો ઉપયોગ થઈ શકે છે.પણ જ્યારે એ પ્રવાહ લક્ષમણ રેખા ઔરંગીને પ્રચંડ શકિત બની ને પુરનું રૂપ ધારણ કરેછે ત્યરે તેને અંકુશ માં લેવાનું મુશ્કેલ બને છે.

આપણું કુટુંબ પણ નદીના પ્રવાહ જેવું છે. જ્યાં સુધી કુટુંબમાં સોઉં હરિમળી ને ,એકબીજા ને સમજીને શાંતિ થી જીવે છે.ત્યાં સુધી કુટુંબ સ્વાર્ગ સમાન લાગે છે.જ્યારે કુંટુંબ માં કોઇ વિસ્ફોટક બનાવ બન્યો અથવા કુટુંબ નો કોઈ સભ્ય માત્ર પોતાના સ્વાર્થ ખાતર પ્રવાહ ને હલબલાવી નાખે ત્યારે તે પૂર આખા કુટુંબ ની શાંતિ બે દોહલી નાખે છે. તેવીજ રીતે લોકશાહી ના પ્રવાહ માં વિરોધ અને સંઘર્ષ નું પર આવે છે. ત્યારે સામાજિક ક્રાંતિ સર્જાય છે.જીર્ણ નો નાશ કર્યા વગર ભાવિ ના પડકરો ઝીલી સકતા નથી.આની સાથે એ વિવેક રાખવો જરૂરી છે .વિચાર અને આચાર ના પ્રચંડ પુરમાં રચનાત્મક શક્તિ વહી ના જાય.

કોઈક ક્ષણે પરિસ્થિતિ નું પુર સમન્ધો ની નવી દિશા દેખાડે છે. સ્નેહ સમન્ધ ને સેરજનાતમક સ્વરૂઓ આપે છે.કુટુંબ અને સમાજ નેખુશીઓ થૈં ભરી દે છેપણ પુર ને કારણે પ્રવાહ બદલાય ત્યારેજ એ શક્ય બને છે.

ટૂંકમાં વહેતા પ્રવાહને ઓરખી લેવા જેવો છે.જો જે જીવન નો પ્રવાહ કાયમ શાંત રહે તેમ માની લેવું વધારે પડતું છે.ગમેત્યારે અશાંતિ નું પુર આવી શકે છે.તેથી આવા અકસ્મિત આવતા પુર ને રોકવા નાથવા માટૈં અઢ્ઢિ રાખવી જરૂરી છે. એવા માણસો પણ હોય છે જે દૂર સેઈફ બની પુર ની મઝા માનતા હોય છે.પણ આવી વ્યક્તઇ પ્રવાહનો આનંદ કે સાહસ આત્મસાત કરી શકતા નથી.બીજા કેટલાક માણસો ઈવા હોય છે કે શાંત જળ પ્રવાહમાં ગન્દો કચરો કાંકરા નાખે છે.અને વમળ ઉત્પન કરી આનંદ મેળવે છે.પણ તમને ખબર નથી તે કચરો તેમનાજ ભાગે આવવાનો છે.ધણી વ્યક્તિ ઓ સામાં પ્રવાહે પાર કરવની કોશિશ કરે છે.તેમાં તેઓ નો આત્મવિશ્વાસ તપકતો હોય છે.ઘણા તેમાં સફળ થાય છે તો કેટલાક નિષ્ફળ જાય છે. મોટા ભાગે લોકો ચાલુ પ્રવાહ માં જ પાર કરવાનું પસન્દ કરે છે.પ્રવાહ ની બંને બાજુ કર્મ અને પુરુષાર્થ ના બે કિનારા છે.

નદી ના પ્રવાહ ને કે જીવન ના પ્રવાહ ને સુખમય અને શાંતિમય બનાવા માત્ર બૌદ્દિધક ક્રિયાઓ કે પ્રતિક્રિયાઓ કામમાં લાગતી નથી.મનની અને હ્દયની અસ્તિકતા, સાચોકુટુંબ પ્રેમ,રાષ્ટ્રપ્રેમ એ જ સાચી જીવણશેલી નું નિર્માણ કરી શકે છે.માત્ર ઉહાપોહ કરવાથ પોતાની જાત ને સાબિત કરી શકતી નથી તેના માટે નિષ્ઠા જરૂરી છે.પ્રવાહ ના કિનારા ની જેમ બીજા માટે ગસાઈ જવા ભાવના જરૂરી છે.

જેવી રીતેઈ પુર વિનાસક છે તેવીજ રીતે સર્જનાત્મક પણ છે તેવીજ રીતે નવો વિચાર .નવું પગલું બન્ને પ્રકાર ની અસર પાડેછે. જીવન માં આવતાં પુર ને વિનાસ ની વિધયા શીખવવાની નથી પણ એને જીવન ક્રાંતિ નું સાધન બનાવાનું છે.આયુસ્ય ના પૂર્વાધ માં એટલે કે યુવાની માં આવા પૂર અનેક વાર આવે છે. અને એ પૂર ને અંકુશ માં રાખી તેની શક્તિ નો ઉપયોગ કરવાનો છે. જેવી રીતે નદી નો પ્રવાહ કે પૂર જાત ને જગતને સમજવા જ્ઞાન આપે છે તેવીજ રીતે વિચાર અને આચારનું ઝીંદગી નું પૂર અનેક પડકાર ઝીલવાની ક્ષમતા બક્ષે છે.

સાચી વાત એ છે કેઆપણે પ્રવાહ ને પ્રવહ તરીકે અને પૂર ને પુર તરીકે ઓરખીયે છીએ. જિંદગી ના પ્રવાહ માં ખરાબ વિચારો નો કચરો ના ફેકીયે.અને કોઈ કચરો આવ્યો હોય તેને કિનારા પર ખસડી નાખીએ.અને જ્યારે આપણો પુરુષાર્થ પૂર બની જાય ત્યારે એ બધો કચરી ઘસડી જઇ એને દૂર ફેકી દે.જેથી આપણા કર્મ નું નવનિર્માણ કરવામાં સરલતા રહે.

જો કે જીવન ના પ્રવાહ ની મર્યદા છે જયારે જીવન માં પૂર આવેત્યારએ હદય અને મનને વિવેક બુધ્ધિ થી અંકુશમાં રાખીએ તો તેનું પરિણામ રચનાત્મક આવશે.

ટૂંકમાં આ દુનિયા ના દરેક માણસ નું જીવન જુદા જુદા પ્રવાહ રૂપે વહે છે. પ્રવાહઓ નું આગવુ મહ્ત્વ છે. એ સો જીવન પ્રવાહને પામવા માટે ના પગ, એ ચેતનહદયને ઓરખીવા માંટે નું મન,એને સત્કારવા માટે ના હાથ,અને એને નિર્મય માનવા માટે ની આંખો. આ બધા સાધનો ઈશવરે આપણને આપ્યા છે. દરેક વ્યક્તિ આવીજ રીતએ વિચારી ને એ સા ધન નો ઉપયીગ કરએ તો વહેતાં જીવન નું રહસ્ય પામવું મુશ્કેલ નથી. પ્રવાહ અને પૂર બંને માં જીવન છે. પૂર ને ઓરખી લેવામાં પ્રવાહ નો સ્વીકાર આવીજ જાય છે. જિંદગી આવી દ્વિસ્વરૂપા છે. આવી પરિસ્થિતિમાં જીવનના પ્રવાહમાં સરળતા થી જીવી જવાની ક્ષમતા કેળવવી જોઈયે.તેવો પ્રયનત કરવો જોઈએ.

ભરત દવે

### મોડાસા થી શ્રમિકો ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના લઈ જાય તો નવાઈ નહિ...!!

# ચાર રસ્તા ટાઉન હોલ આગળ ભરાતા મજૂર મેળામાં સોશ્યલ ડિસ્ટન્સ ,માસ્કનો અભાવ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે, પણ સામાજિક અંતરના ધજાગરા ઉડી રહ્યા છે, પણ તંત્ર હવે હથિયારે એઠે મુકી દીધાય હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા ચાર રસ્તા પર વહેલી સવારે મજૂર મેળો ભરાય છે, જ્યાં સમાજિક અંતરના લીરેલીરા ઉડી રહ્યા છે, પણ અધિકારીઓને કોઈ જ ફરક પડતો નથી. મોડાસા ચાર રસ્તા પોલિસ ચોકીની સામે જ સામાજિક અંતર નથી જળવાતું તો શહેરના અને જિલ્લાના અન્ય વિસ્તારોમાં સામાજિક અંતર ક્યાંથી જળવાશે તે કહેવું કદાચ મુશ્કેલ છે.આરોગ્ય તંત્ર અને નગરપાલિકા તંત્ર મોડાસા શહેરના ચાર રસ્તા પર મોટી સંખ્યામાં એકઠા થતા શ્રમિકોમાં કોરોના અંગે જાગૃતિ લાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે આગામી સમયમાં શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમીશન નો શ્રમિકો ભોગ બને તો આગામી સમયમાં કોરોના જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોને ઘમરોળે તેવો ખતરો પેદા થયો છે આરોગ્ય તંત્ર અને નગરપાલિકા તંત્ર આળશ ખંખેરી શ્રમિકોમાં કોરોના અંગે જાગૃતિ અભિયાન ચલાવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી ગયું છે અને કોરોના પોઝિટિવ કેસનો આંક શહેર અને ગ્રામ્ય વિસ્તાર મળી ૧૬૦ ઉપર પહોંચ્યો છે. લોક ડાઉન સમયે સામાજિક અંતર જાળવવા તંત્ર દ્વારા જોરશોરથી પ્રચાર પ્રસાર કર્યો હતો, પણ હવે તે ક્યાંય જોવા નથી મળી રહ્યું, જેને કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ જાય તો નવાઈ નહી. મોડાસા શહેર હોટ સ્પોટ તરફ પ્રયાણ કરી ચુક્યું છે, પણ પાલિકા તંત્ર માસ્કનો દંડ વસૂલીને સંતોષ માની રહ્યું છે, પણ સોશિયલ ડીસ્ટેન્સ તરફ ધ્યાન ન તો વહીવટી તંત્ર આપી રહ્યું છે, કે ના પાલિકા તંત્ર. વહીવટી તંત્રન આંકડાઓ પર વિશ્વાસ કરીને સંતોષ માની લે તેવું લાગી રહ્યું છે, પણ બજારમાં જાઓ તો ખ્યાલ આવે કે, લશ્કર ક્યાં લડી રહ્યું છે.


એક નજર અહીં પણ લગાવો સાહેબ

શરૂઆતમાં કોરોનાને કારણે શહેરમાં થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવતું હતું, પણ થર્મલ સ્ક્રિનિંગ શબ્દ વહીવટી તંત્રએ ગાયબ જ કરી નાખ્યો હોય તેવું લાગી રહ્યું છે. કલેક્ટર કચેરી ચેમ્બર સિવાય અન્ય કોઈ જ કચેરમાં થર્મલ સ્ક્રિનિંગ કરવામાં નથી આવતું, મોડાસા નગર પાલિકા, મામલતદાર કચેરી, આરોગ્ય કચેરી, જિલ્લા પંચાયત, જિલ્લા પોલિસ વડા કચેરી વગેરે સરકારી કચેરીઓમાં થર્મલ સ્ક્રિનિંગ ગાયબ થઈ ચુક્યું છે, જે એક ચિંતાનો વિષય છે.

અધિકારીઓ ઓફિસ જવા શહેરના રસ્તાઓનો ઉપયોગ કરશો, તો ખબર પડે ને !

મોડાસા શહેરમાં શું થાય છે અને શું ચાલી રહ્યું છે, તે અધિકારીઓને કેમ કરીને ખ્યાલ આવે, કારણ કે, તેઓ ઓફિસ જવા માટે બાયપાસનો ઉપયોગ કરે છે, જેથી શહેરની પરિસ્થિતિનો ચિતાર ક્યાંથી મળે. મોટા ભાગના અધિકારીઓ બારોબાર નિકળી જાય છે, એટલે શહેરની પરિસ્થિતીથી તેઓ વાકેફ નથી થતાં, પણ સરકારના ઉચ્ચ અધિકારીઓનો ચોપડામાં લખેલા આંકડા મળી જાય છે, એટલે કામ પુરૂ. સાહેબ તાલુકા કક્ષાના અધિકારી આંકડાકીય માહિતીના થોથા લઈને આવે તો જરા સમજજો અને શહેરની મુલાકાત લેજો ખ્યાલ આવશે કે 'ક્યાં સે ક્યાં હો રહા હૈ'.

# ખોરાસા વેંકટેશ મંદિરનાં ગાદીપતિ ટ્રસ્ટી સ્વામી શ્યામનારાયણ વિરુદ્ધ પગલાં ભરવા માંગણી



કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ નજીક આવેલા ખોરાસા ગામે વેંકટેશ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાના દિવસે જુદા-જુદા વિસ્તારોમાં થી પધારેલ વૈષ્ણવો સેવકો અને ટ્રસ્ટીઓ સાથે ગામવાસીઓ દ્વારા ગાદીપતિ ટ્રસ્ટી સ્વામી શ્યામનારાયણ વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી ગાદી છોડવા માંગણી કરી હતી. ખોરાસા વેંકટેશ મંદિર નાં ગાદીપતિ ટ્રસ્ટી સ્વામી શ્યામનારાયણ દ્વારા મહિલા સેવિકા સાથે અભદ્ર ભાષામાં વાતચીત કરતા હોય એવી ઓડિયો ક્લિપ વાયરલ થતાં હોબાળો મચ્યો હતો. ખોરાસા વેંકટેશ મંદિર નાં ગાદીપતિ સ્વામી શ્યામનારાયણ દ્વારા મંદિરના કબજા ભોગવટા ની મિલ્કતો ટ્રસ્ટ નાં નામે થી ખોટાં આધાર પુરાવાઓ સાથે પોતાનાં નામે કરાવી લેતાં આવી વિવાદાસ્પદ નોંધ વિરુદ્ધ જવાબદાર કચેરીમાં ફરિયાદ કરવામાં આવતાં રદ્દ કરવામાં આવી છે. ખોરાસા વેંકટેશ મંદિર નાં ગાદીપતિ સ્વામી શ્યામનારાયણ દ્વારા આચરવામાં આવતી લંપટ લીલા અને મંદિર ની મિલ્કતો નો અંગત ઉપયોગ કરવાનો મલીન ઈરાદો ખુલ્લો પડતાં રામાનુજ વૈષ્ણવ સંપ્રદાય નાં લાખો સેવકો માં રોષ ફેલાયો છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાનાં તાલાલા ત્થા ગ્રામ્ય વિસ્તારના વૈષ્ણવ સેવકો દ્વારા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપ્યું હતું. તાલાલા રામાનુજ સંપ્રદાયના વૈષ્ણવો અને ખોરાસા વેંકટેશ મંદિર સાથે આસ્થા અને શ્રદ્ધાથી જોડાયેલા સેવકો દિલીપભાઈ ઉનડકટ, નિતિનભાઈ ઉનડકટ સહિત તાલાલા, ધાવા,બોરવાવ,ભોજદે નાં સેવકો દ્વારા લેખિતમાં આવેદનપત્ર આપી રજૂઆત કરી માંગણી કરી હતી કે ધાર્મિક સ્થાન ને લાંછન લગાડનાર અને રામાનુજ સંપ્રદાયના સંસ્કારો નિતિ નિયમો ભુલી લંપટ લીલા માં તલ્લીન થઈ ભાન ભૂલી ગયેલા ગાદીપતિ સ્વામી શ્યામનારાયણ વિરુદ્ધ જુનાગઢ ચેરીટી કમિશ્નર કચેરી માં કરવામાં આવેલ ફરિયાદ નો હુકમ સત્વરે આપવામાં આવે અને દસ્તાવેજી પુરાવાઓ સાથે છેડછાડ કરવા બદલ ફોજદારી રાહે તપાસ કરી પગલાં ભરવામાં આવે એવી માંગ કરી છે. અંતમાં ચીમકી ઉચ્ચારી છે કે દિવસ ત્રીસ માં કાયદેસરની કાર્યવાહી કરવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરવામાં આવશે. ગુરુપૂર્ણિમાના દિવસે સમગ્ર સોરઠમાં હાહાકાર મચાવનાર કિસ્સો ખોરાસા વેંકટેશ મંદિર નો પ્રકાશમાં આવ્યો છે ત્યારબાદ ખોરાસા વેંકટેશ મંદિર સાથે જોડાયેલ વૈષ્ણવ સંપ્રદાય નાં સેવકો માં રોષ ફેલાયો છે અને સૌરાષ્ટ્ર નાં અન્ય તાલુકાઓમાં પણ સેવકો અને ટ્રસ્ટીઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવશે અને ગાદીપતિ સ્વામી શ્યામનારાયણ ને મંદિરના ટ્રસ્ટી અને ગાદીપતિ તરીકે થી દુર કરવા માંગણી કરવામાં આવશે.

# દાહોદમાં ઓછા વરસાદની સ્થિતિમાં પણ મબલક પાક લેવાના કારગત ઉપાયો

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૯ : સામાન્ય રીતે ખેડૂતો પોતાના સ્વાનુભવે પાક આયોજન કરતા જ હોય છે, પરંતુ ઘણી વખત કુદરતી વિષમ પરિસ્થિતિ ઉભી થતી હોય છે કે તેમનું આયોજન નિષ્ફળ જાય છે અને ખેડુતોને આર્થિક નુકશાન વેઠવું પડે છે. અત્યારે દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં મકાઈનું વાવેતર કરવામાં આવ્યું છે. ચાલુ સિઝનમાં ઓછો વરસાદ પડવાના કારણે પાણીની ખેંચ મોટા ભાગના પાકોમાં જણાય છે. આ સંજોગોમાં ખેડૂતોએ આકસ્મિક પાક આયોજનનો કેવી રીતે અમલ કરવો તે બાબતે જિલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદે માહિતી આપી છે. ઓછો વરસાદ અને અછતની પરિસ્થિતીમાં ચોમાસુ ઋતુમાં પાકો જેવા કે બાજરી, દિવેલા, અને કઠોળ પાકો જેવા કે તુવેર, મગ, અડદ, મઠ, ગુવાર અને ચોળી થઇ શકે છે. આ ઓછા વરસાદવાળા અને સૂકી ખેતીની પરિસ્થિતિમાં સફળતાપૂર્વક પાકો ઉગાડવા માટે આ મુજબ આયોજન કરી શકાય. ખેતરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે પાળા તેમજ જમીન સમતલ કરવી, પાકને યોગ્ય સમયે વાવણી કરવી, ઢાળની વિરૂધ્ધ દિશામાં ખેડ તેમજ પાકની વાવણી કરવી, વધુ માત્રામાં સેન્દ્રિય ખાતરો જેવા કે છાણીયુ ખાતર, કમ્પોસ્ટ, વર્મિકમ્પોસ્ટ અને ખોળનો ઉપયોગ કરવો, પૂરતા પ્રમાણમાં ભેજ હોય ત્યારે વાવણી સમયે ખાતર આપવું અથવા પાણી આપ્યા બાદ પૂરતું ખાતર આપવું, જો શક્ય હોય તો પહોળા અંતરે વવાતા પાકમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિનો અને સાંકડા ગાળે વવાતા પાકમાં ફુવારા પિયત પદ્ધતિનો ઉપયોગ કરવો, જરૂરીયાત મુજબ આંતરખેડ, નીંદામણ અને પાક સંરક્ષણના પગલા લેવા, મીશ્ર પાક અને આંતર પાક પદ્ધતિ અપનાવવી, પટ્ટી પાક પદ્ધતિમાં પાકો ઉગાડવા, જીવન રક્ષક પિયત માટે ફાર્મ પોન્ડ (ખેત તલાવડી) બનાવવી

મુખ્યત્વે ૧૫ જુન થી ૧૫ સપ્ટેમ્બર સુધીના સમયગાળાને ચોમાસું સીઝન ગણી શકાય. આ સીઝનમાં વરસાદ પડવાની પેટર્નમાં બદલાવ આવે ત્યારે ચોમાસું સીઝનમાં પાક આયોજન બદલવું પડે છે. જો ચોમાસું મોડુ શરૂ થાય તો નીચે મુજબ પાક અને તેની જાતની પસંદગી કરવી. ઘાસચારાના પાકોને પ્રાધાન્ય આપી ઘાસચારાના પાકો હેઠળનો વિસ્તાપર વધારવો, રોપાણડાંગરના પાકની એસ.આર.આઈ. (શ્રી) પદ્ધતિથી રોપણી કરવી, સોયાબીનનું વધુ ઉત્પાદન મેળવવા એન.આર.સી. ૩૭ જાતને ચોમાસાની શરૂઆતમાં વાવણી કરવાની ભલામણ કરવામાં આવે છે, વરસાદ આધારીત ખેતી માટે ઓરાણ ડાંગરની જાત ડી.ડી.આર. ૯૭ અને અશોકા ૨૦૦ એફ ની ભલામણ કરવામાં આવે છે, વરસાદ આધારીત ખેતી વિસ્તારમાં મકાઈની વહેલી પાકતી જાત ગુજરાત આણંદ પીળી મકાઇ સંકર ૧ અને ગુજરાત આણંદ સફેદ મકાઇ સંકર ૨ ની બિન પિયત ચોમાસુ ખેતી માટે ભલામણ કરવામાં આવે છે, અર્ધ શિયાળુ દિવેલાનું વાવેતર કરતા ખેડૂતોને જી.સી.એચ. ૭ જાતનું ૧૦ થી ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ૧૨૦ ૮ ૭૫ સે.મી.ના અંતરે વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.

# માણાવદર તાલુકાના થાપલા ગામની સીમમાં ખેતરો જળબંબાકાર રહેતા ૫૦૦ વિઘા પાકની નૂકશાની ભીતી



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

માણાવદર તાલુકામાં છેલ્લા બે દિવસ થી પડેલા અનરાધાર વરસાદ ના પગલે તાલુકાના અનેક ગામો બેટમાં ફેરવાયા હતા તેની જાણ થતા જ ખેડૂત આગેવાન તથા માણાવદર તાલુકા કૉંગ્રેસ પ્રમુખ અરવિંદભાઇ લાડાણી તેની બાજુના ગામ થાપલા તથા કૃતિયાણા ના રેવદ્રા છેલ્લું ગામ છે તે ખેતરોમાં હજી પણ જળબંબાકાર ની સ્થિતિ છે તેની રૂબરૂ મુલાકાત પાણી ભરેલા ખેતરો કે જેમાં ચાલીને પણ જવું મુશ્કેલ છે તેમાં ખેતરો ખુંદી ખેડૂતોને ખેતી પાકનો તાગ મેળવવા રૂબરૂ મુલાકાત લીધી

જેમાં થાપલા ગામના ખેતરો માં ખારા ડેમના છોડાયેલા પાણી ના કારણે પાણી થી છલોછલ છે જેમાં કપાસ મગફળી નો પાક ૫૦૦ વિઘા માં નાશ થાય તેવી ભીતિ દર્શાવી જો આ પાક નિષ્ફળ થાય તો લાખો રૂપિયા ની નૂકશાની ખેડૂતોને થશે આંખે આંખો પાક પાણી મા ડૂબેલો છે છેલ્લા અનેક દિવસોથી ભારે વરસાદ ઉપરથી ડેમના પાણી ભરાયેલા સતત રહેતા નૂકશાની થશે તેવી સ્થિતિ તેઓની મુલાકાત દરમિયાન ખેડૂતોએ વ્યક્ત કરી છે તથા કોડવાવ થી આગળ જે નદી માં ખારાડેમનું પાણી છોડાય છે તેને ઉંડી કરવા માંગ કરાય છે જેથી રસ્તા બંધ થવામાં થોડી રાહત થાય હજી એકપણ અધિકારીઓ એ આ ગામોની મુલાકાત લીધી નથી તાલુકા માં આવા અનેક નદી ના પાણી ખેતરોમાં ફરી વળ્યા છે

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

### સેધા આંગણવાડીના મકાનના

# પતરા ફૂટેલી હાલતમાં ચોમાસામાં સુતા સુતા પાણી પીવા જેવી આંગણવાડીના મકાનની સ્થિતી

ચાણસ્મા તાલુકાના સેધા ગામે ગામમાં આવેલી આંગણવાડી ના મકાનના પતરા ક્યાંક ખસી ગયા છે તો કેટલાક પતરાઓ મોટા હોલ પડી ગયા છે જેના કારણે ચોમાસામાં આ આંગણવાડી ના મકાન માં સુતા સુતા પાણી પીવા જેવી સ્થિતિ સર્જાઇ છે હાલમાં કોરોના મહામારી ના કારણે બાલકો આંગણવાડી માં આવતા ન હોવાથી તો આવર્ષે ભુલકાઓ આંગણવાડી ની આવી હાલત થી બચી શક્યા છે પરંતુ આંગણવાડી ના આ મકાન માં બાલકો ના નાસ્તા માટે નો સામાન આંગણવાડી ની. ખુરશી સહિત ની અન્ય ચીજ વસ્તુઓ પણ આજ મકાન માં રાખવા મા આવે છે વરસાદમાં શું સ્થિતિ થાય આંગણવાડી કાર્યકર દ્વારા પણ મકાન ની સ્થિતિ અંગે સરપંચ અને સીડીપીઓ ને જાણ કરવામાં આવી હોવાનું આંગણવાડી કાર્યકરે જણાવ્યું હતું



સેધા ગામના જ તાલુકા સદસ્ય છતાં આંગણવાડી ના મકાન ની જર્જરિત હાલત

સેધા ગામની આંગણવાડી જર્જરિત હાલતમાં છે અને સેધા ગામ ૯૦% બક્ષી પંચની વસ્તી ધરાવતુ ગામ હોવા છતાં અને તેજ ગામ ના મહિલા તાલુકા સદસ્ય હોવા છતાં આંગણવાડી ના મકાન નું રીપેરીંગ કામ કે નવુ આંગણવાડી નું મકાન બનાવી શકયા નથી એ આશ્ચર્ય જનક બાબત છે

સરપંચ અને તાલુકા સદસ્યા શું કહે છે

સેધા સરપંચ બાબુજી ઠાકોરે જણાવ્યું હતું કે સેધા ગામમાં આવેલી બે આંગણવાડી કેન્દ્રો પૈકી ગામમાં આવેલી આંગણવાડી ના પતરા ફુટી ગયા છે જેથી ચોમાસામાં વરસાદી પાણી પડી શકે તેવી આંગણવાડી ના મકાન ની હાલત છે અને આંગણવાડી નું નવું મકાન બનાવવા અમારા ડેલીકેટ અને તાલુકા પંચાયત સહીત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે પરંતુ ચોમાસા આવી ગયું હોવા છતાં નથી મકાનનું રીપેરીગ થતૂ કે નથી

# અરવલ્લીવાસીઓને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે સંપની સફાઇ કરાઇ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ચોમાસા પૂર્વે પાણીજન્ય રોગચાળાથી બચાવી શકાય તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી છે તેની સાથે પાણી પુરવઠા વિભાગે પણ જિલ્લામાં પાણીના મુખ્ય સ્ત્રોતની સફાઇ કરી લોકોને પીવાનું શુધ્ધ પાણી પંહોચાડવાની નેમ વ્યકત કરી છે. જિલ્લાના ગ્રામિણ અને આદિજાતિ વિસ્તારોમાં લોકોને ઘર આંગણે નળ કનેકશનથી પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના અંતર્ગત પીવાના પાણીની ૯૯૦ યોજનાઓ થકી ઘરે-ધરે પાણી પંહોચાડવાનું આયોજન હાથ ધરાયું છે જેના પાણીના મુખ્ય સ્ત્રોત સંપ, બોરવેલ તેમજ હેન્ડપંપ અને ઓવર હેડ ટાંકીઓ છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લોકો ચોમાસા દરમિયાન પાણીજન્ય રોગચાળાની અસરમાં ન આવે તે માટે જિલ્લાના પાણી પુરવઠા વિભાગે તાલુકાઓમાં હયાત ૪૬ સ્ત્રોતની સફાઇ કરી છે.

જેમાં બાયડ તાલુકાના ૯, ભિલોડાના ૯ ધનસુરાના ૭ માલપુરના ૭ મેઘરજના ૭ અને મોડાસાના ૭ પાણીના ઓવરહેડ ટાંકીઓ અને સંપની સફાઇ કરી જિલ્લાવાસીઓને પીવાનું શુધ્ધ પાણી આપવા કટીબધ્ધ બન્યા છે.

### મોડાસામાં કોરોનાથી વધુ એક મોત

# અરવલ્લીમાં વધુ ૫ વધુ કેસ કોરોના પોઝીટીવ આવતાં કુલ આંકડો ૨૬૦ પર પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ગુરુવારે રોજ વધુ ૫ કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૨૬૦ પર પહોંચ્યો છે. મોડાસામાં કોરોનાએ ભરડો લીધો હોય તેમ મોડાસા શહેરમાં કોરોનાના કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં કોરોનાથી વધુ એક મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્ર જીલ્લા કોરોના સામે કામગીરીમાં નબળું પુરવાર થતા કોરોના હાવી થઈ રહ્યો છે મોડાસાના કોરોનાગ્રસ્ત અહેમદભાઈ ઈકબાલ ભાઈ મનવાનું અમદાવાદ સારવાર દરમિયાન મોત નિપજતા શહેરમાં કોરોનાથી મોત ની સંખ્યા ૨૨ ને પાર કરી ચુકી છે મોડાસા શહેરમાં કોરોના થી થતા ટપોટપ મોત થી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે શહેરમાં છેલ્લા ૫ દિવસમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૫ થી વધુ લોકોના મોત નિપજયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

ગુરુવારે રોજ મોડાસાના રાણાસૈયદ વિસ્તારની ૫૦ વર્ષીય મહિલા, પાવનસીટી માં ૪૨ વર્ષીય પુરુષ, વિનાયક સીટી પાછળ રહેતો પુરુષ અને મોડાસા તાલુકાના મડાસણા કંપાના ૫૪ વર્ષીય આધેડ કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો.ધનસુરા તાલુકાના રાજપુર ગામના ૫૨ વર્ષીય આધેડ પણ કોરોનામાં સપડાતા જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ કેસ ૨૫૫ નોંધાતાં સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ છવાયો છે. જો કે શહેરના બજારોમાં જોઈએ તો બેખૌફ થઈને લોકો માસ્ક વગર કે સોશીયલ ડિસ્ટન્સ રાખ્યા વગર જોવા મળી રહ્યા છે. બીજી બાજુ મોડાસા શહેરને કોરોના વાઈરસે બાનમાં લીધું છે તેમાંય વધુમાં વધુ કેસો લઘુમતિ વિસ્તારમાંથી બહાર આવી રહ્યા છે ત્યારે આરોગ્યતંત્ર સઘન કામગીરી કરી વાઈરસના સંક્રમણને અટકાવે તેવી લોકમાંગ ઉઠી છે. હાલ તો તંત્ર દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી લોકોની અવર જવર ઉપર રોક લગાવવામાં આવી છે.અને આરોગ્ય તંત્રે સર્વેની કામગીરી હાથધરી છે

### અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રજાની વ્હારે

# સિવિલ હોસ્પિટલ ક્યારે? ના બેનર હેઠળ કલેકટર કચેરી સામે ધરણા યોજ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલ નું નિર્માણ ટલ્લે ચઢતાં જીલ્લાના ૧૧ લાખ જેટલા પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે ત્યારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રાણે ધારાસભ્યો જીલ્લામાં લોકોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલની માંગને લઈને સરકાર અને તંત્ર સામે લડી લેવાના મુડમાં હોય તેમ સતત વિરોધ પ્રદર્શન,પોસ્ટર વોર,આવેદનપત્ર અને મુખ્યમંત્રીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવામાં આવેની માંગ કરી રહ્યા છે સિવિલ હોસ્પિટલના નિર્માણને લઈને જીલ્લા કોંગ્રેસ સમિતિએ પ્રતીક ઉપવાસની માંગ કરી હતી કલેક્ટરે મંજૂરી ન આપવા છતાં જીલ્લા કોંગ્રેસ સમિતિએ કલેક્ટર કચેરી સમે ધરણા કરતાં પોલીસે ૧૫ થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી .હાલ કોવિડ-૧૯ કોરોના મહામારીમાં ૨૫૦ ઉપરાંત દર્દીઓ કોરોના પોઝિટિવ આવેલ છે. વધુમાં ૨૬ લોકોના મોત થયા છે જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે કોરોનાના દર્દીઓને સારવાર અર્થે હિંમતનગર સહીત અન્ય હોસ્પિટલમાં સારવાર લેવા મજબુર થવું પડે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલની માંગને લઈને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, માલપુર ધારાસભ્ય જશુભાઈ પટેલ અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર એ વારંવાર તંત્રને રજૂઆત કરી છે. છતાં આજદિન સુધી કોઈ પ્રગતિ થઈ નથી.સિવિલ હોસ્પિટલની માંગને લઈને તંત્રને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા કોઈ પ્રત્યુતર ન મળતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ સિવિલ હોસ્પિટલ ક્યારે? ના બેનર હેઠળ ધરણા યોજ્યા હતા કલેકટર કચેરી ખાતે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ સરકારની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી સિવિલની માંગ સાથે સરકાર જીલ્લાના પ્રજાજનોને અન્યાય કરતી હોવાના નારા લગાવ્યા હતા કોંગ્રેસ સમિતિએ પ્રતિક ઉપવાસની મંજુરી મળી ન હોવાથી પોલીસે ધરણા પર બેઠેલા કોંગ્રેસીઓની અટકયાત કરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK